
# સહજ-સત્સંગ

અંક : ૨૮૯ વર્ષ : ૨૫ તંત્રી : માનસિંહભાઈ ચાવડા જાન્યુઆરી - ૨૦૧૩





**કેદારનાથમ્**

(ઉત્તરખંડ હિમાલય ઉત્તરપ્રદેશ)



# મા મીરાંબિકા

A new light shall break upon earth,
A light of Truth and Harmony.

- The Mother

**નૂતન પ્રકાશનું પરોઢ**

ભાવાનુવાદ

આ ધરતી ઉપર પ્રભા પ્રગટશે નૂતન, દિવ્ય, મહાન,
એ હશે પ્રકાશ સત્ય, સંવાદનો, ને નવયુગના એંધાણ.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૧ સપ્ટેમ્બર ૧૯૧૪- પૃ.૧૭૬-૧૭૭)



'હું તારા રૂપે જ બની ગઈ અને આપણે એ મૂક આનંદાવસ્થાની નીરવતામાં એ ગહન અવસ્થા કરતાંય વધુ ગહન એક અવાજ ઊઠ્યો : તારા પ્રેમની જેમને જરૂર છે તેમની પાસે જા અને ચેતનાની સર્વ કક્ષાઓ, સઘળી ક્રમબદ્ધઃ સૃષ્ટિઓ દૃષ્ટિગોચર બની રહી. એમાંની કેટલીક ઘણી ભવ્ય અને પ્રકાશમય હતી...... પછી ઓછા પ્રકાશની સૃષ્ટિઓ આવવા લાગી. સ્થૂળ જડતત્ત્વની સૃષ્ટિ તો તદ્દન અંધકારમય અને દુઃખથી ભરેલી નજરે પડી અને અમે અમારી અસીમ પ્રેમભરી દૃષ્ટિ એ સૃષ્ટિ ઉપર નાખી. અમે જોયું કે અમારાં સંતાનો ખૂનખાર જંગમાં સપડાઈ ગયાં છે..... અમે પ્રબળ સંકલ્પ કર્યો કે હવે પ્રભુની દિવ્ય-જ્યોતિનો આવિર્ભાવ સિદ્ધ કરવો જ જોઈએ. આ માર્ગભ્રષ્ટ તત્ત્વોના કેન્દ્રમાં એમને પલટી શકે તેવી એક શકિત મૂકી આપવી જ જોઈએ.

હે અચિંત્ય પ્રભુ, તારી સહાય અમે યાચી..... અમે જાણ્યું કે પૃથ્વી હવે બચી ગઈ છે.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (સમસ્યાનો ઉકેલ) | ૩ |
| **શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન** | ૪ |
| **દિવ્ય-જીવન** (ઉત્ક્રાંતિનું ચાલક બળ) | ૬ |
| **માતૃવાણી** (સંપત્તિ, સત્તા અને માનવએકતા) | ૮ |
| **સાવિત્રી** (બાહ્ય - સ્વરૂપની મર્યાદાઓ) | ૧૨ |
| **યોગ વિષે પત્રો** (વિજ્ઞાનની ભૂમિકામાં પરિવર્તન) | ૧૫ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (ભૂલાયેલી પ્રાચીન-પરંપરા) | ૧૮ |
| **યોગ પર દીપ્તિઓ** (આધ્યાત્મિક સંયમ) | ૨૧ |
| **ઉપનિષદો** (ઉપનિષદનું આયોજન) | ૨૩ |
| **સાંજના વાર્તાલાપો** (અતિમાનસિક વ્યક્તિ) | ૨૭ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (શંકા અને અવિશ્વાસ ઉપર વિજય કેવી રીતે મેળવશો ?) | ૨૮ |
| **વેદ-રહસ્ય** (અશ્વિનીકુમાર ઇન્દ્ર અને વિશ્વદેવો) | ૨૯ |
| **સુંદર કથાઓ** (પરોપકાર) | ૩૨ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (વાસ્તવિકતાનો અર્થ) | ૩૩ |
| **સર્વાંગી આરોગ્ય** (દુ:ખનું રૂપાંતર) | ૩૫ |
| **આત્મસિદ્ધિ** (ચૈત્યપુરુષનું રહેઠાણ, રચના અને સ્વભાવ) | ૩૯ |
| **વેદવિજ્ઞાન** (દેવોના કાર્યનો અંતિમ ઉદ્દેશ) | ૪૨ |
| **મંત્ર :** | ૪૬ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
**અંક : ૨૮૯ વર્ષ : ૨૫**
**જાન્યુઆરી - ૨૦૧૩**

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'**ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# સમસ્યાનો ઉકેલ

(પૃ.૧૭૬-૧૭૭)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી પ્રભુ સાથે ગત પ્રાર્થનામાં જણાવ્યું તેવી એકરૂપતામાં સ્થિર થઈ ગયાં છે. તેઓ વ્યક્તિના ભૌતિક, માનસિક, ચૈતસિક પાસાંને વૈશ્વિક અને વિશ્વાતીત પાસાં સાથે જોડીને એક સર્વવ્યાપી પ્રકાશમય અસીમ ચેતનામાં સ્થિર છે. માતાજી ખૂબ જ આંતરિક ગહન એકાગ્રતામાં છે.

ત્યાં તેમને ધીરગંભીર અવાજ સંભળાયો : ''તારા પ્રેમની જેમને જરૂર છે તેમની પાસે જા.''

માતાજીની આંખ સામે, પોતે જે ક્રમબદ્ધ ઉપરથી નીચે એવા અથવા કેન્દ્રથી પરિઘ સુધીની ચેતનાના વિવિધ તબક્કાઓની સાથે એકરૂપ છે, તેમનાથી સભાન બન્યા. પોતાના પ્રભામંડળમાં તે પ્રકાશમય ચેતનાની હારમાળા તેમની આંખો સામેથી પસાર થઈ ગઈ. તે ક્રમ હતો હીરક, સુવર્ણ, વિશુદ્ધ પાણી જેવો, કપૂર જેવો શ્વેત, નીલ, હરિત, પીત, સિંદૂરિયો, રક્ત, જાંબલી, શ્યામ અને કૃષ્ણ (આ જ બાર જ્યોતિર્લિંગો છે)

તેમની સાથેની એકરૂપતા એ જ પ્રેમ. પ્રેમ એ એકરૂપતાનું તત્ત્વ છે.

છેલ્લે શ્યામ અને કૃષ્ણ સૃષ્ટિમાં આછાથી માંડી ઘાટો થતો અંધકાર છવાએલો હતો. તે ચેતનાઓની સૃષ્ટિમાં તો દુઃખ, દુઃખ અને દુઃખ જ હતું.

માતાજી સાથે શ્રી અરવિન્દ પણ હતાં. તેમણે પ્રભુની આ દુઃખી સૃષ્ટિ ઉપર નજર નાંખી જોયું કે તે લોકનાં માનવો પ્રથમ મહાયુદ્ધના ખૂનખાર યુદ્ધમાં પ્રવેશી ગયાં હતાં. એકબીજાનો સર્વનાશ કરી રહ્યાં હતાં.

શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ દૃઢ સંકલ્પ કર્યો. પ્રભુની પેલી બાર પ્રકાશરંગી જ્યોતનું ધ્યાન કરતાં લોકોને શીખવવું અને સમજાવવું કે તેની દિવ્યશક્તિને જાગૃત કરીને આ મડાગાંઠ ઉપર મૂકી સમસ્યાનો અંત લાવી શકાય છે.

શ્રી અરવિન્દ અને શ્રી માતાજી પ્રભુને પ્રાર્થના કરે છે કે તેમના આ ભગવત્-કાર્યને પ્રભુની સંમતિ અને સહાય મળે, અને તેમને તેમની પ્રાર્થનાનો જવાબ આંતરપ્રેરણાથી તરત મળ્યો. પૃથ્વીને બચાવી લેવામાં આવશે એ તે આશ્વાસન હતું.

# શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

(ગતાંકથી ચાલુ)

આમ જોઇએ તો શ્રી અરવિન્દ આશ્રમનું ભૂમિપૂજન થયું હોય, વ્યવસ્થિત નકશા પ્રમાણે ધ્યાનખંડ, પ્રાર્થના મંદિર, ભોજનાલય વગેરે બંધાયાં હોય એવું તો ક્યારેય બન્યું નથી. આ આશ્રમ અન્ય આશ્રમો કરતાં તદ્દન જુદા જ પ્રકારનો છે. શ્રી અરવિન્દના યોગને સામૂહિક-જીવનમાં કાર્યાન્વિત કરવા, યોગને દૈનંદિન જીવનમાં ચરિતાર્થ કરવા માટે ઊભી કરેલી દિવ્ય-પ્રયોગશાળા એટલે શ્રી અરવિન્દ આશ્રમ. અહીં તો માનવની ચેતનાને પ્રભુની ચેતના પ્રત્યે ઉદ્‌ઘાટિત કરીને અને પ્રભુની ચેતનાને માનવ-જીવનમાં ઉતારીને સક્રિય કરી ઉચ્ચતમ શિખરે વિરાજતાં પરમ પ્રભુ અને નીચામાં નીચે ખીણમાં આવેલા જડતત્ત્વને એક કરવાનો મહાન પ્રયોગ ચાલી રહ્યો છે. આ આશ્રમ એ માનવમન દ્વારા ઊભી કરેલી વ્યવસ્થિત રચના નથી, પણ પૂર્ણયોગને જીવનમાં ચરિતાર્થ કરવા સ્વંયભૂ પ્રગટેલી પ્રક્રિયા છે. આથી જ સમગ્ર પોંડિચેરી શહેરના વિવિધ સ્થળે મકાનોમાં વિસ્તાર પામેલી દિવ્ય-ચેતનાના આવિર્ભાવરૂપ આ આશ્રમ અસ્તિત્વમાં આવેલો છે.

શરૂઆતમાં શ્રી અરવિન્દ જ્યાં રહેતા હતા તે લાઈબ્રેરી હાઉસ અને બીજાં બે ત્રણ મકાનો પૂરતો જ આ આશ્રમ સીમિત હતો. પણ શ્રી અરવિન્દની સાધનાથી આકર્ષાઈને ઉચ્ચ અભીપ્સાવાળા અનેક સાધકો ત્યાં આવવા લાગ્યા. પરિણામે જેમ જેમ જરૂરિયાતો ઊભી થતી ગઇ તેમ તેમ પ્રવૃત્તિઓ સર્જાતી ગઈ, વિકસતી ગઈ, વિસ્તરતી ગઈ. શ્રી માતાજીનાં દિવ્ય-સાંનિધ્યમાં અનેકવિધ પ્રવૃત્તિઓ વિકસતી ગઈ. સુંદર ભોજનાલય, બેકરી, લોન્ડ્રી, હેન્ડીક્રાફ્ટસ્, ઉદ્યોગો, વર્કશોપ, બાંધકામ વિભાગ, ઇલેકટ્રીક વિભાગ, દુકાનો, પુસ્તકાલયો, રમતગમતનાં મેદાનો, પ્રેસ, બાલમંદિર, શાળા, મહાશાળા,

પ્રયોગશાળા, ચિત્રશાળા, કલાભવન, સંગીતકક્ષા, અતિથિગૃહો, દવાખાનાં, બાગબગીચા, તળાવ, ખેતરો-માનવજીવનને સ્પર્શતી તમામ પ્રવૃત્તિઓ સ્વયંભૂ વિકાસ પામી. અગાઉથી આયોજન કરીને એનું વ્યવસ્થિત મકાન બાંધીને કોઈ વિભાગનું ઉદ્ઘાટન કર્યું હોય તેવું તો ક્યારેય બન્યું નથી. પણ શ્રી માતાજીએ દિવ્ય-જીવનમાં સઘળી પ્રવૃત્તિઓ કેવી સુંદર, સુમેળ અને સંવાદિતાથી સભર, અને પૂર્ણતાના આવિર્ભાવવાળી હોય છે; તેનું ઉત્તમ દૃષ્ટાંત શ્રી અરવિન્દ આશ્રમની પ્રવૃત્તિઓ દ્વારા જગતને પૂરું પાડ્યું છે.

''કાર્ય કરવું એટલે શરીરથી પ્રભુને પ્રાર્થના કરવી.'' ''નાનામાં નાનું કાર્ય પણ જો સાચી ચેતનાથી કરવામાં આવે તો તે પૂર્ણતા પ્રત્યે લઇ જાય છે.'' ''ધ્યાનમાં તમે જેટલી પ્રગતિ કરો તેના કરતાં દશગણી વધારે પ્રગતિ તમે સાચી ચેતનાથી કામ કરવામાં કરો છો.'' ''સ્થૂલમાં પ્રભુ સૌંદર્ય દ્વારા પ્રગટ થાય છે.'' કાર્ય કરવા અંગેની આ સાચી પદ્ધતિ શ્રી માતાજીએ સાધકોને બતાવી અને સમર્પિત-ભાવથી થતાં કામ કેવાં હોય છે, તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત પોતે જાતે કાર્યો કરીને સાધકોને બતાવ્યું. એટલું જ નહીં પણ ચંપકલાલ, નલિનીકાન્ત, પવિત્રા, દ્યુમાન, પુરાણી, પૂજાલાલ વગેરે અનેક સાધકોને કાર્યમાં પૂર્ણતા કેવી રીતે લાવવી, કઇ ચેતનાથી કામ કરવું એ તેમને પોતાની સાથે રાખીને શીખવાડ્યું. આથી આશ્રમની સઘળી પ્રવૃત્તિઓ ખૂબ વ્યવસ્થિત રીતે, સમર્પિત ભાવે, શ્રી માતાજીને અર્પણરૂપે થવા લાગી. જાણે આશ્રમ એ પરમાત્માની પરમ ચેતના પ્રત્યે શ્રી માતાજીના સમગ્ર પૃથ્વીના દિવ્ય-રૂપાંતર માટેના કાર્યનું પ્રતીકાત્મક ઉદ્ઘાટન ન હોય !

આશ્રમ એ શ્રી માતાજીનું સ્વયંભૂ સર્જન હોઈને ત્યાં માનવમનના કોઈ નિશ્ચિત નિયમો નથી. રૂઢિઓ, માન્યતાઓ, પરંપરાગત ખ્યાલો વગેરેને ત્યાં સ્થાન જ નથી. નિયમ એક જ, ચેતનાનો સતત વિકાસ અને આંતરસત્યની અભિવ્યક્તિ માટે સઘળાં કાર્યો કરે છે. એ દરેક કાર્ય શ્રી માતાજીની ભક્તિ અને આરાધનારૂપ બની રહે છે, તેમની સાધનાના ભાગરૂપ બની રહે છે.

આશ્રમમાં વસતા પ્રત્યેક સાધકના આંતરિક અને બાહ્ય-વિકાસ ઉપર સઘળી દેખરેખ શ્રી માતાજી રાખતાં હતાં. દરેક ભૌતિક જરૂરિયાતો સંતોષાય તેવી

(અનુ. પૃ.૩૪ ઉપર)

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૧

## ઉત્ક્રાંતિનું ચાલક બળ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

જીવનનો એક અટળ અને અંતિમ હેતુ છે. શ્રી અરવિન્દ આ હેતુને inevitable and Ultimate preoccupation કહે છે. દરેક જીવની પાછળ રહીને તે જીવનને ગતિ આપતો હોય છે. તે હેતુને વિવિધ ચિંતકો વિવિધ નામે વર્ણવે છે. કોઈ કહે છે આત્મ સાક્ષાત્કાર, કોઈ કહે છે મુક્તિ, કોઈ કહે છે અંતિમ સત્ય, કોઈ કહે છે પૂર્ણતા, કોઈ કહે છે અમરતા; તો કોઈ કહે છે દિવ્ય-જીવન. આ બધાં જ તે અંતિમ હેતુના જ વિવિધ પાસાં સ્વરૂપ છે.

આ હેતુ બાબત શંકા સેવીને સંશયવાદીઓએ તેને ઘણી વખત પાછો ઠેલવાનો, નેસ્તનાબૂદ કરવાનો કે ભૂંસી નાખવાનો પ્રયત્ન કર્યો છે પણ તે થોડા કાળ માટે અલોપ થઈને પાછો પ્રકટ થતો રહ્યો છે.

આ અંતિમ હેતુ માનવીના વાસ્તવિક જીવનથી તદ્દન વિરુદ્ધ લાગે છે. પણ માનવની ગંભીર અને આધ્યાત્મિક અનુભૂતિઓ તેને સાચી ઠરાવે છે, તેથી આવા અંતિમ હેતુને સાધ્ય કરવા માટે બે જ માર્ગ રહે છે. એક, વ્યક્તિનો ક્રાંતિકારક પ્રયત્ન અને બીજો, માનવ વંશની પૃથ્વી ઉપર થતી ધીમી ગતિની ઉત્ક્રાંતિ. પ્રથમ પર્યાય એ બીજા પર્યાયને આગળ ધપાવવાને મદદ કરે છે.

આ સમગ્ર પ્રક્રિયામાં એક પ્રકારની સુસંવાદિતા સ્થપાતી હોય છે, Harmony સ્થપાતી હોય છે. જ્યારે નિસર્ગનાં બધાં જ ઘટકો એક જ પરમ-ચેતનાનાં શુદ્ધ અને નિર્મળ માધ્યમ બની જતા હોય છે ત્યારે પરમ-ચેતનાની એકરસતા, સમરસતા અને એકતા આ વિવિધ ઘટકો મારફત સંવાદમયતા તરીકે પ્રકટ થાય છે. સંવાદમયતા એ એક અને અનેકનું સંગમ-સ્થાન છે. ત્યાં એક

અનેક દ્વારા પ્રકટ થાય છે. ત્યાં વિવિધતામાં એકતા રમતી હોય છે.

વિસંવાદ એ જીવનમાંની સમસ્યાઓ હલ ન કરવાથી, તેની તરફ દુર્લક્ષ્ય કરવાથી નિર્માણ થાય છે. અથવા તેનું વિવેકપૂર્ણ કાયમી ઉકેલ ન લાવતા ક્ષણિક ઉકેલ લાવીને સમસ્યાને ટાળવામાં આવતી હોય છે. સમગ્ર નિસર્ગ તો તન, મન, પ્રાણમાં સુસંવાદિતા સ્થાપવા જ મથતી હોય છે. નિસર્ગના અસ્તિત્વનાં અનેક સ્તરો છે. ભૌતિક અને જડ કક્ષાની સમસ્યાઓનું નિવારણ નિસર્ગની સૂક્ષ્મ કક્ષાની સંવાદિતા દ્વારા કરવામાં આવે તો તે કાયમી સ્વરૂપનું નિવારણ બનવાની શક્યતા વધી જાય છે. આત્મકક્ષા એ સહુથી સૂક્ષ્મ અને ઉચ્ચતમ કક્ષા છે. તેથી આત્મકક્ષાની સુસંવાદિતા નીચેની બધી જ કક્ષાઓમાં સંવાદ સ્થાપવામાં પાયાનું કામ કરતી હોય છે. જ્યારે આવી સંવાદિતા ભૌતિક કક્ષાએ પ્રકટ થશે, ત્યારે ભૌતિક અમરતા પ્રાપ્ત થશે. કારણ મૃત્યુ પણ વિસંવાદનું જ પરિણામ હોય છે. રોગ પણ વિસંવાદનો જ આવિર્ભાવ હોય છે. ભૌતિક જીવન સત્ય અને તેના પ્રકાશને સર્વાંગપૂર્ણ રીતે ધારણ કરશે ત્યારે જ ભૌતિક કક્ષાની સર્વ સમસ્યાઓનું નિર્મૂલન થશે.

ઉત્ક્રાંતિ આ દિશામાં થતી એક વૈશ્વિક પ્રક્રિયા માત્ર છે. તે એક ભૌતિક વાસ્તવિકતા પણ છે. પણ આ ભૌતિક વાસ્તવિકતા તેનાંથી સૂક્ષ્મ સ્તરે થતી પ્રક્રિયાઓનું પરિણામ હોય છે, ઉત્ક્રાંતિ એટલે જડ ભૌતિક પદાર્થમાંથી જીવનનો આવિર્ભાવ અને જીવનમાંથી મનનો વિકાસ. પણ આમ જ શા માટે બને છે તેનો જવાબ વેદાન્તનો સિદ્ધાંત માન્ય કર્યા સિવાય નહિ મળે. જો ભૌતિક જડપદાર્થમાં જ સૂક્ષ્મ સ્વરૂપે જીવન અને મન અને ચેતના જ ન હોય તો આ આવિર્ભાવની ઘટના બનવી જ શક્ય નથી. આને જ સત્કાર્યવાદ કહે છે. અસ્તિત્વ એટલે જ ''સત્'' અને પરિણામ એટલે જ ''કાર્ય''. આમ, ''સત્કાર્યવાદ'' એટલે કારણમાં જ સૂક્ષ્મ સ્વરૂપે કાર્યની હસ્તી માન્ય કરનાર સિદ્ધાંત. આ સિદ્ધાંતનું શુદ્ધત્તમ સ્વરૂપ તો એ છે કે ભૌતિક પદાર્થ પણ ચેતનાની જ એક પ્રચ્છન્ન અવસ્થા છે. તેવી જ સ્થિતિ મનની પણ છે. એનો અર્થ એ કે મનમાં પણ તેને પણ અતિક્રમી જનારી ચેતનાની અવસ્થાઓ સૂક્ષ્મ અને ગુપ્ત રીતે રહેલી છે જે ઉત્ક્રાંતિમાં તબક્કાવાર ભવિષ્યમાં પ્રકટ થશે. (ક્રમશઃ)

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# સંપત્તિ, સત્તા અને માનવએકતા

**(માતૃવાણી ભા.૧૫, પૃ. ૪૧-૫૯)**
**(ચર્ચાના મુદ્દા સંક્ષેપમાં)**

પ્રકરણ - ૨૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ પૈસાનો હેતુ વધારે પૈસો કમાવો એ નથી પણ પૃથ્વીને તેની ઉપર થનારા નવ-સર્જન માટે તૈયાર કરવી એ છે. પૃ.૪૧

૨ બધી સંપત્તિ પ્રભુની જ છે. માનવ વિશ્વસ્ત ટ્રસ્ટીઓ છે. સંપત્તિ ફરી પ્રભુ પાસે પાછી ફરવી જોઈએ. ચૈતસિક-ભાવથી તે બની શકે છે. પૃ.૪૧

૩ એક દિવસ આવશે જ્યારે આસુરી-તત્ત્વોના હાથમાંની આ સંપત્તિ પ્રભુના કાર્ય માટે જ વપરાશે.પૃ.૪૨

૪ તમારી પાસે જે અને જેટલું હોય તે પ્રભુને ધરી દો. તમારી પાસે આ જ માગણી કરવામાં આવે છે. પૃ.૪૨

૫ પ્રભુને અર્પણ કરેલી સંપત્તિ જ સાચા અર્થમાં સંપત્તિ છે (સંપત્તિ=સં=યોગ્ય સ્થાને, પત્તિ = પહોંચેલી) પૃ.૪૨

૬ સાચો ધનિક એ છે જે સંપત્તિનો સદુપયોગ કરી જાણે છે. પૃ.૪૨

૭ સમૃદ્ધિ ટકાવવાનો નિશ્ચિત માર્ગ, સમૃદ્ધિને પ્રભુચરણે સમર્પિત કરી તેનો સદુપયોગ કરો. તે નિસ્વાર્થ-સમૃદ્ધિ કહેવાય છે. પૃ.૪૨

૮ સાચી ઉદારતા સોદાબાજી વગર આપે છે. પૃ.૪૩

૯ પ્રભુમાંથી આવતા સ્રોતો અખૂટ છે. તેથી પ્રભુ માટે કરાતું કાર્ય ખર્ચા કરતાં વધુ મહત્ત્વનું છે એવી શ્રદ્ધા રાખો, મદદ મળશે. પૃ.૪૩

૧૦ દાનની રકમ કરતાં દાતાનું વલણ અને ભાવ મહત્ત્વનાં છે. પૃ.૪૩

૧૧ પ્રભુ પાસે આપવાના ઘણા રસ્તા છે. પૃ.૪૪

૧૨ સંપત્તિનો લોભ, આત્મા અને પ્રકૃતિ બન્નેને સંકુચિત કરી નાખી છે. પૃ.૪૫

૧૩ ચેતનામાંની વિશાળતા અને આંતરિક-સંકલનમાં વધારો થાય તો આર્થિક સંજોગામાં પણ ફેરફાર થાય છે.

૧૪ આર્થિક સમસ્યાનો ઉકેલ બે રીતે થાય છે :

૧ જરૂરિયાતો પ્રમાણે ઉત્પાદન વધારવું.

૨ ઉત્પાદન પ્રમાણે જરૂરિયાત ઘટાડવી.

સારાંશ, ઉત્પાદન અને જરૂરિયાતને તાળમેળમાં રાખવી એ જ તેનો સાચો ઉકેલ છે. પૃ.૪૫

## સત્તા (શાસનતંત્ર અને રાજકારણ)

૧ બીજાઓ ઉપર સત્તા મેળવતાં પહેલાં પોતાની જાત ઉપર કાબૂ મેળવો, રાગદ્વેષથી પર થાઓ. ધીરજ અને સહનશીલ બનો. ઓછું બોલો..... પૃ.૪૬

૨ મનના આદર્શની ગુણવત્તા મુજબ જ શાસનની ગુણવત્તા આવશે. પૃ.૪૬

૩ દબાણ વગરની સાચી ગોઠવણી સહકાર, પ્રેમ અને યશ આપે છે. પૃ.૪૬

૪ પ્રથમ આજ્ઞાંકિત થતા શીખો, પછી આજ્ઞા કરો. પૃ.૪૬

૫ વસ્તુઓ ચાલે છે તેમ જ ચાલવા દેવી એ લોકોને ખુશ કરવાનો માર્ગ છે, એ ભ્રમ છે. પોતાની પ્રકૃતિ ઉપરના પૂર્ણ નિયંત્રણનો દાખલો બેસાડો. લોકો આનંદથી તમારું માનશે. પૃ.૪૭

૬ આધ્યાત્મિક રીતે જ્ઞાનીઓને સત્તા આપવી જોઇએ. પૃ.૪૭

૭ શાસનતંત્રના પ્રકારનું ગૌણ મહત્ત્વ છે પણ સત્તાધારી માણસે પ્રભુના સંકલ્પને અનુસરનારાઓ પાસેથી પ્રેરણા લેવી જોઇએ. પૃ.૪૭

૮ અસરકારક આધ્યાત્મિકતા માટે રાજકારણમાં દિવ્ય-સત્ય લાવો. પૃ.૪૭

૯ અધ્યાત્મ અને સત્યની જીત માટે કાર્ય કરો. પૃ.૪૮

## માનવ-એકતા

૧ બધા જ માનવીઓ એક જ દિવ્યમૂળમાંથી આવેલા છે અને તે મૂળભૂત એકતાને જ પૃથ્વી ઉપર પ્રગટ કરવા માગે છે. પૃ.૫૦

૨ જો મુત્સદ્દીગીરી સત્ય અને પ્રભુકૃપાના હથિયાર બને તો માનવ-એકતા અને સંવાદ તરફ મોટું પગલું ભર્યું ગણાશે. પૃ.૫૦

૩ માનવ-ચેતનાના રૂપાંતર વગર માનવ-એકતા કાયમી રીતે પ્રાપ્ત કરવી શક્ય નથી. પૃ.૫૦

૪ યુદ્ધ બંધ કરાવનારાઓની સંખ્યા વધશે તો સ્થિર શાંતિની તકો વધશે અને માનવી-ચેતનાનું રૂપાંતર ઝડપી રીતે પૂર્ણ થશે. પૃ.૫૧

૫ બધી જ સંકુચિતતા, સ્વાર્થ, મર્યાદાઓને ખંખેરીને માનવ-એકતાને વાસ્તવિક કરવાના પ્રયત્નો કરવા જોઈએ. તે જ શાંતિ, સંવાદનો માર્ગ છે. પૃ.૫૧

૬ રાષ્ટ્રો હજી સાચી અધ્યાત્મકતાને વરેલાં નથી. પૃ.૫૧

૭ માનવ - એકતા માનવો સહકાર આપીને લાવશે કે સંજોગોના ભીષણ દબાણ નીચે તે માનવ-જાતિએ નક્કી કરવાનું છે. પૃ.૫૧

૮ આધ્યાત્મિક-શિક્ષણ આપવાથી જ માનવ-એકતા પ્રાપ્ત થશે. તેથી આત્માની વૃદ્ધિ થશે અને આત્મા પોતાની એકતા પ્રાપ્ત કરશે. પૃ.૫૨

૯ માનવી-ચેતનાનું રૂપાંતર એક ઊર્ધ્વતર-બળને ઉત્ક્રાંતિમાં સક્રિય કરશે જે સમગ્ર સત્યને જીવન દ્વારા પ્રગટ કરવા સક્ષમ કરશે. પૃ.૫૨

૧૦ આધ્યાત્મિક માર્ગે મેળવેલી માનવ-એકતા ટકાઉ હશે. પૃ.૫૨

૧૧ શ્રી અરવિન્દના માનવ-એકતા ગ્રંથમાંથી પ્રેરણા લઈ આધ્યાત્મિક માર્ગે માનવ - એકતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરનાર 'વિશ્વ-એકતા' ૧૯૫૮ નવેમ્બર માસમાં સ્થાપન થઈ (World Union) તેનો સંદેશ : ''વિશ્વમાં એકતા છે જ. જગતને તે વિષે સભાન કરો. તે માટે નવું બળ સક્રિય થએલું જ છે. તેને ચેતનામાં દૃઢ સ્થાપન કરો.''પૃ.૫૩

૧૨ મતભેદો માનસિક છે. તેમનો ઉકેલ શક્ય છે. બધાં જ દૃષ્ટિબિંદુઓનો સમાવેશક ઉકેલ બધાંને માન્ય થશે. તે માટે ચેતનાને ઊર્ધ્વ-ગોલાર્ધમાં સ્થાપિત કરો, તો તે સમન્વય વહેલો સધાશે. પૃ.૫૪

૧૩ વિજ્ઞાન અને અધ્યાત્મનું ધ્યેય એક જ છે. બન્ને અલગ દિશાએથી શરૂઆત કરે છે. અધ્યાત્મે તે જ્ઞાન મેળવી લીધું છે, વિજ્ઞાને મેળવવાનું બાકી છે; તે જ તફાવત છે. પૃ.૫૪

૧૪ જેઓ આંતરિક - એકાગ્રતામાં સ્થિર છે તેઓ World-Union માટે સમાનુભૂતિ ધરાવશે, પણ તેને માટે સક્રિય નહિ થાય. પૃ.૫૪

૧૫ આત્માની એકતાનો સાક્ષાત્કાર એ જ માનવ-ઐક્યનો પાયો છે. પૃ.૫૫

૧૬ વૈશ્વિક-પરિવર્તન થઇ રહ્યું છે તેમાં 'માનવ-ઐક્યને' ખાસ સ્થાન છે. પૃ.૫૫

૧૭ બાહ્ય મનોમય-પ્રયત્નોથી કાયમી વિશ્વ-ઐક્ય આવવું શક્ય નથી. પ્રાસંગિક-ઐક્ય કદાચ આવે. પૃ.૫૫

૧૮ આંતરિક પ્રગતિ દ્વારા પ્રગતિશીલ વિશાળ સમન્વય ઘડી કાઢવાથી જ ધીમે ધીમે વિશ્વ-ઐક્ય પ્રસ્થાપિત થશે. પૃ.૫૫

૧૯ જો તમારે પૃથ્વી ઉપર શાંતિ જોઇતી હોય તો પ્રથમ તમારા હૃદયમાં શાંતિ સ્થાપન કરો. જો તમારે વિશ્વમાં એકતા જોઇતી હોય તો પ્રથમ તમારા અસ્તિત્વના જુદા જુદા ભાગોમાં એકતા લાવો. પૃ.૫૬

૨૦ માનવ-ઐક્ય સ્થિર-શક્તિ અને સંવાદમય-ભાવિ માટે કાર્ય કરશે. પૃ.૫૭

૨૧ જગતમાં રહેલી ખોટી વસ્તુઓને તમે અંદર રહેલી ખોટી વસ્તુઓના વિનાશથી જ નષ્ટ કરી શકો છો. પૃ.૫૭

૨૨ શ્રી અરવિન્દના મતે આ 'પ્રભુની પળ' છે. પૃ.૫૮

૨૩ પ્રભુએ તેની ચેતનાને પ્રકાશ માટે મોકલી છે. જે લોકો ગ્રહણ કરશે તેઓ લાભ મેળવશે. પૃ.૫૭

૨૪ આપણી ધાંધલ અને અસ્પષ્ટતાની અંદર પણ દિવ્ય-સંવાદનું બીજ રહેલ છે. પૃ.૫૮

૨૫ નવીન-જગત અને જીવન સ્થાપવાની જરૂરિયાત વધુ ને વધુ તીવ્ર બનતી જાય છે. પૃ.૫૮

૨૬ લોકોને હવે સર્વનું કલ્યાણ, જ્ઞાન, પ્રગતિ, સંવાદ અને શાંતિભર્યું જગત જોઇએ છે. પૃ.૫૮

૨૭ ભૂતકાળનું જગત હજી થોડો સમય જીવંત રહેશે. પૃથ્વી ઉપરના સારા ફેરફાર મંદ ગતિથી જ આવે છે. ભાવિ માટે આશા રાખો.પૃ.૫૮

૨૮ ખુલ્લા થાઓ, નવા પ્રકાશને ધારણ કરો. અન્યને ગ્રહણ કરવામાં મદદ કરો. સંગઠિત થાઓ. તેને સત્કારો. પૃ.૫૯

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## બાહ્ય સ્વરૂપની મર્યાદાઓ

પ્રકરણ - ૧૩

(Savitri B-1, C-4, P. 52)

But who shall pierce into the cryptic gulf
And learn what deep necessity of the soul
Determined casual deed and consequence?
Absorbed in a routine of daily acts.
Our eyes are fixed on an external scene;
We hear the crash of the wheels of Circumstance
And wonder at the hidden cause of things.

પણ આ ગૂઢ - વાસ્તવિકતાઓ સમજવા માટે પેલા અંદર વહેતા ચેતનાના ગૂઢ અને ગુપ્ત પ્રવાહમાં કોણ પ્રવેશવા તૈયાર છે ? અને તેમાં પ્રવેશી કોણ જાણવાની કોશિષ કરે છે કે આત્મા ખરેખર શું ઝંખી રહ્યો છે ? (deep necessity of the soul) અને તેથી જ આ કાર્ય-કારણની હારમાળા સર્જાય છે. માનવ તો પોતાની ઘરેડમાં જ જીવવા ટેવાએલો છે. તેને પોતાના જીવનનાં આંતરિક સત્યની જરૂર જ લાગતી નથી. આપણું સમગ્ર ધ્યાન જીવનની બાહ્ય ઘટનાઓ ઉપર જ કેન્દ્રિત થએલ હોય છે. બાહ્ય પરિસ્થિતિને કારણે નિર્માણ થતી વિપત્તિઓ (crash) ઉપર જ આપણે વધારે ધ્યાન આપીએ છીએ અને તેના મૂળમાં રહેલ છુપાએલાં કારણો બાબત અજાણ હોવાથી તેવું કાંઈ જાણવા મળે તો આપણને આશ્ચર્ય લાગે છે.

Yet a foreseeing Knowledge might be ours,

If we could take our spirit's stand within,
If we could hear the muffled daemon voice.

આમ છતાં ભવિષ્ય પણ જાણી શકે એવું ત્રિકાળજ્ઞાન આપણને પ્રાપ્ત થઈ શકે છે, પણ તે માટે આપણે આપણી ચેતનાને અંદર ઊંડે ઉતારી ત્યાં પેલા અંતરાત્માના ઢંકાએલા અવાજોને સાંભળી શકીએ તો (Daemon's muffled voice) તે ત્રિકાળજ્ઞાન આપણે મેળવી શકીએ.

Too seldom is the shadow of what must come
Cast in an instant on the secret sense
Which feels the shock of the invisible.
And seldom in the few who answer give
The mighty process of the cosmic Will
Communicates its image to our sight,
Identifying the world's mind with ours.

સામાન્ય માનવના જીવનમાં એવું ભાગ્યે જ બને છે કે પ્રભુના ગુપ્ત હેતુઓની થોડી ઘણી ઝલક (Shadow)નાં પુરાવારૂપ ઘટના તેના જીવનમાં બને અને તેને કારણે તે એ અદૃશ્ય શકિતઓનો ધક્કો તે માનવ પોતાના હૃદયમાં અનુભવે અને તેથી પણ જવલ્લે જ એવી ઘટના બનવી શક્ય છે જે વૈશ્વિક-સંકલ્પની સમર્થ - પ્રક્રિયાઓના જવાબરૂપે તેના ચિત્તમાં આકાર લેતી હોય અને તેની દ્વારા તેનું દર્શન આપણને થાય. તેવે વખતે આ વિશ્વ પાછળ રહેલ વૈશ્વિક-મન સાથે આપણું મન એકરૂપ થઈ જતું હોય છે.

Our range is fixed within the crowded arc
Of what we observe and touch and thought can guess
And rarely dawns the light of the Unknown
Waking in us the prophet and the seer.

આપણી ઈન્દ્રિયોનું ક્ષેત્ર આ ચંચળ મનના પરિઘની બહાર જતું જ નથી, તેથી જ તે મર્યાદિત થએલ છે. આપણે તે બાબતમાં જ અંદાજ બાંધી શકીએ છીએ, જે આપણે જોઈ શકીએ છીએ, સ્પર્શી શકીએ છીએ અને તેથી જે અજ્ઞાત તત્ત્વ છે તેનો અનુભવ તો ભાગ્યે જ આપણને આવવો શક્ય છે પણ જો તેનો

સ્પર્શ આપણે પામી જઈએ તો આપણી ઇન્દ્રિયોની બધી મર્યાદાઓ ખરી પડે છે અને આપણાંમાંનો ત્રિકાળજ્ઞાની અને સર્વજ્ઞ જ્ઞાતા જાગી જાય છે (Prophet and seer)

The outward and the immediate are our field,
The dead past is our background and support;
Mind keeps the soul prisoner, we are slaves to our acts;
We cannot free our gaze to reach wisdom's sun.

આપણા જ્ઞાનનું ક્ષેત્ર એટલે બાહ્ય જગત છે. તે પણ પૂરેપૂરું નહિ પણ આપણી આસપાસનું જ જગત (outward and immediate) ભૂતકાળના અનુભવો આપણી સમજણની પાશ્વભૂમિ હોય છે અને તેની મદદથી જ આપણે અનુભવોને સમજીએ છીએ (back ground and support)

આપણું મન આપણા આત્માને પોતાનો બંદી જ સમજે છે. પોતાની હુકૂમત તેની ઉપર ચલાવે છે. આપણા કર્મોના જ આપણે ગુલામ હોઈએ છીએ, કારણ આપણા કર્મો જ આપણા મનનો ઘાટ અને પ્રકૃતિ રચે છે અને તેવું મન જ આપણા ઉપર રાજ કરે છે. આપણા મનના સંસ્કારોથી જ આપણી સમજણ અને દૃષ્ટિ રંગાએલી હોય છે. તે ગુલામીમાંથી આપણે આપણી સમજણ અને દૃષ્ટિને મુક્ત કરી શકતાં નથી અને તેથી જે સત્યજ્ઞાનનો સૂર્ય (wisdom's sun) સામે તપતો હોવા છતાં આપણે તેને ઓળખી શકતા નથી. આપણો આત્મા આપણી આંતરપ્રેરણાઓ મારફત પ્રગટ થાય છે પણ આપણે આપણી આંતરપ્રેરણાઓ ઉપર ભરોસો રાખતા નથી, કારણ આપણા મને તેમને પુરાવા વગરની નિરાધાર માન્યતામાં જ ખપાવી દીધેલી હોય છે, તેથી આપણો આત્મા આપણને સત્યજ્ઞાન આપી શકતો નથી.

સારાંશ, જ્યાં સુધી આપણે આપણી પાર્થિવ-ચેતનામાંથી ઉપર ઊઠી નહિ શકીએ અને બાહ્ય જીવનને જ સત્ય ગણી આંતરિક સત્યોને ઓળખી નહિ શકીએ ત્યાં સુધી આત્માનું દિવ્યજ્ઞાન આપણને પ્રાપ્ત થવું શક્ય જ નથી. તેમાં આપણને શ્રદ્ધા અને વિશ્વાસ બેસશે જ નહિ. મન શંકા લઈને અવળચંડાઈ જરૂર કરશે જ.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

# વિજ્ઞાનની ભૂમિકામાં પરિવર્તન

(ભા.-૧, પૃ.૨૦૮-૨૩૫)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ વિકટૉરિયન અજ્ઞેયવાદીના મતે અનુભૂતિ વૈજ્ઞાનિક-સત્યનું લક્ષ્ય રાખતી નથી અને અનુભૂતિઓ કરનારના વ્યક્તિત્વથી રંગાયેલી હોય છે. (તેથી અમાન્ય છે) પૃ.૨૦૯

૨ વિજ્ઞાને ધારણા રાખેલી કે અંતિમ સત્ય ભૌતિક-તત્ત્વ અને વસ્તુગત હોવું જોઈએ અને બધી આત્મગત-ઘટનાઓ વિશે તે સમજ આપી શકશે. પૃ.૨૦૯

૩ યુરોપના મધ્યકાલીન યોગીની અનુભૂતિઓ ભારતના મધ્યકાલીન યોગીઓની અનુભૂતિઓ જેવી જ હોય છે. પૃ.૨૧૦

૪ કોઈક એવી વસ્તુ છે જે એકસરખી વિશ્વરૂપ અને સાચી માની શકાય તેવી છે. પૃ.૨૧૦

૫ વિકટૉરિયન અજ્ઞેયવાદી અને વેદાંતી સહમત છે કે વસ્તુ ઢંકાયેલી છે છતાં હાજર તો છે જ. પૃ.૨૧૦

૬ યોગની અનુભૂતિઓ એ આંતરપ્રદેશની વસ્તુઓ છે. તેમની દર્શન અને ચકાસણી માટેની પોતાની પદ્ધતિ હોય છે. પૃ.૨૧૦

૭ આધ્યાત્મિક-શોધ વિજ્ઞાન અથવા બુદ્ધિની તપાસના પ્રદેશની બહાર હોય છે. પૃ.૨૧૧

૮ અનુભૂતિને પૂરેપૂરી વિકસવા દેવી અને તેનાં પ્રયોગાત્મક પરિણામો ઉત્પન્ન થવા દેવાં. પૃ.૨૧૨

૯ વિવેક રાખવો આધ્યાત્મિક-અનુભૂતિમાં અનિવાર્ય છે. પૃ.૨૧૨

૧૦ આ મહાન શાંતિ, પ્રકાશ, આરામ, વિશ્વાસ, મુશ્કેલીઓમાં ઘટાડો, ખાતરી તમારી પોતાની પ્રકૃતિનો પ્રભુ પ્રત્યેનો પ્રત્યુત્તર કહેવાય. પૃ.૨૧૪

૧૧ પ્રભુ તો..... બધો જ સમય ત્યાં હોય છે..... તેનાં પ્રત્યુત્તરને તમે ઓળખો એટલા માટે રાહ જોઈ રહેલો હોય છે. પૃ.૨૧૬

૧૨ આધુનિક માનવવાદ, માનવકલ્યાણ, આદર્શવાદ, સર્વશુભવાદ - આ બધાં સાધનોથી માનવજાતિની જીવનરીતિમાં ફેરફાર થઈ શકવાનો નથી. પૃ.૨૧૭

૧૩ એક બાજુએ આંધળી ઝનૂની તમોમય સાંપ્રદાયિકતાનું ઉત્થાન.... બીજી બાજુએ પ્રાણમય ગુહ્યવાદ અને અર્ધ-આધ્યાત્મિકતાની ખાડીઓ આ ભૂલને કારણે જ હુમલા થાય છે. પૃ.૨૧૯

૧૪ આધુનિક બુદ્ધિ નૈતિક અને કલાત્મક આદર્શોને આધ્યાત્મિકતા તરીકે સ્વીકારી લે છે. પૃ.૨૨૦

૧૫ ડૉ. જુલ્સ રોમાં.... એવી વસ્તુઓ જોઈ શકે અને વાંચી શકે છે.... બધી જ કાયદેસરની કસોટીઓમાં તે સાબિત કરે છે. પૃ.૨૨૩

૧૬ બધી જ વિચારધારા વૈજ્ઞાનિક-હકીકતો ઉપર તથા વૈજ્ઞાનિક-સામાન્યીકરણો ઉપર રચાયેલી હોવી જોઈએ (એક દુરાગ્રહ) પૃ.૨૨૫

૧૭ દૃશ્યમાન ઘટનાની પાછળ કઈ વસ્તુ રહેલી છે તેનો નિશ્ચય વિજ્ઞાન કરી શકતું નથી. તે ફક્ત ભૌતિક-વસ્તુઓની પ્રક્રિયા વિશે કાર્ય કરી શકે છે. પૃ.૨૨૭

૧૮ પ્રાચીન રૂપોની ગુલામીમાંથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે અને નવીન સત્યનાં રૂપો માટે ક્ષેત્ર ખાલી કરવાં.... આવા ભૌતિકવાદના ગાળા આવે છે. પૃ.૨૨૮

૧૯ ધર્મ અને વિજ્ઞાન વચ્ચેનો સંઘર્ષ કદી ભારતમાં ઉત્પન્ન થયેલો નહીં. પૃ.૨૨૯

વિકટૉરિયન અજ્ઞેયવાદી અનુભૂતિઓને મહત્ત્વ આપતા નહોતાં. તેના બે કારણો હતાં : (૧) અનુભૂતિ કોઈ વૈજ્ઞાનિક-સત્ય ઉપર પ્રકાશ પાડતી નથી. (૨) તે જોનારના વ્યક્તિત્વથી રંગાયેલી હોવાથી વ્યક્તિ-સાપેક્ષ હોય છે, વસ્તુનિષ્ઠ હોતી નથી.

તેમની ભૂમિકા એ છે કે અંતિમ સત્ય ભૌતિક જ હોવું જોઈએ અને તેનું વૈજ્ઞાનિક ઢબે જ પરીક્ષણ થવું જોઈએ.

અંતિમ - સત્ય ભૌતિક જ હોવું જોઈએ એ તેમની માન્યતાને કોઈ બૌદ્ધિક આધાર નથી. આધ્યાત્મિક-સત્ય આંતરિક હોય છે. સારાંશ, ભૌતિકવાદ અને આધ્યાત્મિકવાદ બે વિરુદ્ધ ધ્રુવો જેવા લાગે છે.

વાસ્તવિકતા એ છે કે અનંત સત્યનાં અનંત પાસાં છે. તમે તમારા અભિગમથી એક પાસા દ્વારા ત્યાં પ્રવેશો છો તેથી તેમાં વ્યક્તિનિષ્ઠતા તો રહેવાની જ છે. તેમ છતાં મધ્યયુગીન યુરોપના ગૂઢવાદીઓ અને તે જ સમયના પૂર્વના યોગીઓની અનુભૂતિઓમાં ઘણી સામ્યતા દેખાય છે, તેથી અનુભૂતિઓના વિષયરૂપ એક સમાન વિશ્વરૂપ વસ્તુ હોવી જોઈએ એવો અંદાજ બાંધી શકાય છે. વિકટૉરિયન અજ્ઞેયવાદી અને વેદાંતી એક વસ્તુ બાબત સહમત છે કે જે સત્ય છે તે ઢંકાયેલું છે, પણ હાજર તો છે જ.

યોગીઓની અનુભૂતિનો વિષય આંતરિક હોય છે અને તેથી તેની ચકાસણી- પદ્ધતિ પણ અગલ પ્રકારની હોય છે.

બુદ્ધિના પ્રદેશની બહાર પણ આપણું આંતિરક અસ્તિત્વ ફેલાયેલું હોવાથી અનુભૂતિનો વિચાર બુદ્ધિના પ્રદેશની બહારનો પણ હોઈ શકે છે. તેથી જ તે વસ્તુ બાબત ગુરુના કહેવા ઉપર શ્રદ્ધાથી શરૂઆત કરવાની વાત માન્ય રખાય છે અથવા પ્રાચીન યોગ-પ્રણાલીને શ્રદ્ધાથી અનુસરાય છે. અધ્યાત્મમાં પણ વિવેક તો હોય જ છે. તેમાં અનુભૂતિઓ કેવી રીતે સંવાદમાં મૂકાય છે, તેનો સુસંગત અર્થ શું છે; એ બાબતમાં વિવેક કરવાનો જ હોય છે.

શ્રી અરવિન્દે પોતે લીધેલી ભૂમિકા જણાવે છે : તેઓ અનુભૂતિને પૂરેપૂરી વિકસવા દેતા અને તેના પરિણામો પણ પ્રગટ થવા દેતા. પછી તેને કારણે તેમની બાહ્ય-ચેતનામાં શો ફેરફાર થયો છે તે ચકાસતા. (ક્રમશઃ)

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

## ભૂલાયેલી પ્રાચીન-પરંપરા

પ્રકરણ - ૨૦

(પૃ.૧૧૩-૧૧૪)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 Such a concrete process of ascent and descent cannot escape notice if the other Yogis had it. P. 113
2 Why do they not then mention a coming down of... brahmananda or light from the brahmarandhra into... muladhar ? P. 113
3 (If) It was secret then how could they mention that of Kundalini rising up ? P. 113
4 I explain this absence of the descent experience... by the old Yogis having been mainly confined to the psycho-spiritual-occult range of experience. P. 114
5 (It) come into the still mind or the concentrated heart by a sort of filteration or reflection. The field of this experience being from the brahmarandhra downward, P. 114
6 In this Yoga, the consciousness... is drawn upward above the brahmarandhra... has to live there and from there change the lower consciousness altogether. P. 114
7 Light, Power, Ananda, Peace, Knowledge... Wideness... that must be possessed and descend into the whole being. P. 114
8 In the Upanisadas (Taittariya) there are some indication of these higher planes and their nature and the possibility of gathering up the whole consciousness and rising into them. But this was forgotten afterwards. P. 114
9 Ascent... in Samadhi, but no descent possible therefore... no possibility of transformation here. Only escape from life. P. 114

શ્રી અરવિન્દને એક ભાઈએ પ્રશ્ન પૂછેલો. આપણને ચેતનાના આરોહણ અને અવતરણની આટલી સ્પષ્ટ અને નક્કર અનુભૂતિ આવે છે ત્યારે પ્રાચીન યોગીઓની નજરમાંથી તે ઘટના છૂટી જાય એવું બનવું શક્ય લાગતું નથી. જો તેમને

તે કોઈ કારણસર ન જણાતી હોય તો તેમને કુંડલિનીના આરોહણની સમજણ કેવી રીતે પડી ? તેઓ કયા કારણસર અવતરણનો ઉલ્લેખ જ કરતા નથી ? સારાંશ, તેમના યોગમાં તેમને અવતરણનો અનુભવ જ નહીં આવતો હોય એ જ સાચું લાગે છે. શ્રી અરવિન્દે આનો જવાબ આપતા જણાવેલું કે તેમને આવા ઉલ્લેખો સ્પષ્ટ જણાતા નથી. તેનું કારણ કે તેઓ સદા ચૈતસિક-આધ્યાત્મિક અનુભૂતિઓમાં જ પોતાની એકાગ્રતા રાખતાં. વધુમાં વધુ સિદ્ધિઓ બાબત જાણતાં. તેમાં ઊર્ધ્વમાંની ઘટનાઓનું પોતાના ચિત્તમાં નીચે ફક્ત સ્પષ્ટ પ્રતિબિંબ જ જોય છે એવી સમજણ તેમણે સ્વીકારેલી હોવાથી તે વાસ્તવિક રીતે અવતરણની ઘટના છે એમ તેમને લાગેલું જ નહીં હોય. વેદાંતમાં ચિત્તમાં બ્રહ્મતત્ત્વ આ રીતે પ્રતિબિંબિત થાય છે એવો ખ્યાલ માન્ય રાખેલો છે.

વળી, મનની ચેતના ઊર્ધ્વમાં સ્થિર થઈને જ બધી યોગિક-પ્રક્રિયાઓને જોવાની ટેવ ધરાવતી હોવાથી તેમનાં વર્ણનમાં અવતરણનો વિચાર આવ્યો નહોતો.

અવતરણને તે ચિત્તમાંના પ્રતિબિંબ તરીકે જ જોતાં. ચંદ્રનું પ્રતિબિંબ તળાવનાં શાંત, સ્થિર જળમાં પડે તો તે કાંઈ આપણે ચંદ્રનું જળમાં અવતરણ ગણતાં નથી તેના જેવી આ વાત છે. પ્રકાશ, આનંદ, શક્તિ, મુક્તિ, જ્ઞાન, વિશાળતા આ બધાંનો ખુલાસો તેઓ આ રીતે જ આપતાં. પણ આ અભિવ્યક્તિનો સવાલ છે, ન કે વાસ્તવિક હકીકતનો. અવતરણની ઘટના થતી પણ તેઓ તેને આ રીતે મૂલવતા એટલું જ.

આવા વિચારો માન્ય કરવાનું કારણ એ છે કે તૈતરીય ઉપનિષદમાં વિવિધ ચેતનાસ્તરોનાં સંદર્ભો દેખાય જ છે અને યોગી તેમને બધાંને પોતામાં ભેગા કરતો જાય છે એવા સંદર્ભો મળે છે. તૈતરીય ઉપનિષદની જન્મકથા પણ આ વાસ્તવિકતાની પૂરક છે. યાજ્ઞવલ્કય આવી રીતે ચેતનાના ઉત્થાનને અને તેના ભાગરૂપ રશ્મિઓને, ચેતના-પ્રકારોને એકત્ર કરવાની વાત કરતાં. આ તેમની વાત તેમના ગુરુને પરંપરાથી જુદી લાગી, તેથી તેમણે તેમની પોતે શીખવેલી વિદ્યાનો ત્યાગ કરવા ગુરુઆજ્ઞા કરી. યાજ્ઞવલ્કયે તે વિદ્યા (આરોહણ, અવતરણની) બાબતની નોંધો ત્યાં જ ત્યાગીને ચાલી નીકળ્યાં અને માનવગુરુ ન કરવાનો નિર્ણય લીધો.

તે નોંધો તેતર પક્ષી જેમ બીજાનો એઠવાડ ખાય તેમ યાજ્ઞવલ્કયના ઈતર ગુરુબંધુઓએ તે વિદ્યા ગુપચુપ સ્વીકારી લીધી અને તે નોંધોને નવું ઉપનિષદ તરીકે જાહેર કર્યું તેથી તેનું નામ તૈતરીય ઉપનિષદ એવું પડ્યું છે.

આપણા પૂર્ણયોગમાં તો આપણે પ્રથમથી  ખુલ્લં-ખુલ્લા આ આરોહણ-અવતરણની ઘટનાઓને માન્ય રાખી છે અને આપણે એવું માનીએ છીએ કે નિમ્ન મનો-પ્રાણમય ચેતના આધ્યાત્મિક અનુભૂતિઓ અને સાધનાથી ઊર્ધ્વારોહણ કરવા લાગે છે અને બ્રહ્મરંધ્રની ઉપર અવકાશમાં, અંતરિક્ષમાં જઈને સ્થિર થાય છે. ત્યાં વધારે ઊર્ધ્વ આધ્યાત્મિક અનુભૂતિઓ મેળવે છે. ફક્ત મેળવતી નથી પણ પોતે ત્યાં જ સ્થિર રહીને નિમ્નપ્રકૃતિને પોતાના પ્રભાવથી બદલી નાખે છે. આ પોતાના પ્રભાવથી નિમ્નપ્રકૃતિને બદલવું એ જ અવતરણનું રહસ્ય છે.

સારાંશ, શ્રી અરવિન્દ જણાવે છે કે આ ઉપનિષદની પરંપરા કાળપ્રવાહમાં ધોવાઈ ગઈ અને જૂની પરંપરા યથાવત રહી. ધીમેધીમે એવું માન્ય થયું કે પુરુષનું જ્ઞાનાર્જન કરવાનું કામનું શ્રેષ્ઠતમ સાધન બુદ્ધિ જ છે અને તે ચિત્તમાં ઊર્ધ્વ-તત્ત્વોનું સાચી સમજણથી પ્રતિબિંબ પાડે છે અને તેથી ઉપરનાં વિવિધ સ્તરો બાબતનું ચેતનાના ઊર્ધ્વારોહણની ઘટનાથી મળતું જ્ઞાન પાર્શ્વભૂમમાં ચાલ્યું ગયું.

ધીમેધીમે સમાધિ પછી ચેતના નિમ્નક્ષેત્રમાં ઉતરતી જ નથી એવી માન્યતા દૃઢ થઈ અને તેને કારણે નિમ્ન-ચેતનાનાં રૂપાંતરનો પ્રશ્ન પણ પોતાની મેળે ઊડી ગયો.

પુરાણકાળમાં તો આ જીવનમાંથી છટકીને ગોલોક, બ્રહ્મલોક, શિવલોક, વૈકુંઠમાં જવાની જ વાતો થવા લાગી અથવા અનિર્વચનીય અક્ષરબ્રહ્મમાં ઓગળી જવાની વાત માન્ય થઈ ગઈ.

---

(પૃ.૨૨ ઉપરથી)

## યોગ પર દીપ્તિઓ

શ્રી અરવિન્દ 'સાવિત્રી'માં જણાવે છે :

A beam of the Eternal smites his heart,
His thought stretches into infinitude,
All in him turns to spirit vastness.
(Savitri, Pg. 23-24)

ભાવાનુવાદ

સનાતન એ દિવ્ય-કિરણ, વીંધતું અશ્વપતિ હૃદય,
વિસ્તરતી વિચાર-શૃંખલા, અગાધ-આસમાને એક બની,
સઘળું વહેતું સ્વરૂપતણું, આત્માની અનંતતા પ્રતિ.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

# ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૨૩

## આધ્યાત્મિક સંયમ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- બહિર્મુખ માનવ પોતાની અંદરના આ જીવાત્માને જાણતો નથી હોતો..... પૃ.૨૨
- જીવાત્મા પ્રચ્છન્ન હોવા છતાં મન, પ્રાણ તથા દેહની ક્રિયાઓ પાછળ તે હંમેશા રહેલો હોય છે. પૃ.૨૩
- માનવની અધોમુખ પ્રકૃતિમાં ભગવાનના અંશરૂપે રહેલો ચૈત્યપુરુષ એ જીવાત્માનો જ સૌથી સીધો પ્રતિનિધિ હોય છે. પૃ.૨૩
- સાધક પોતાની પ્રકૃતિમાં ચૈત્ય-તત્ત્વોનો વિકાસ કરે તો ઊર્ધ્વમાં આવી રહેલ જીવાત્માની જોડે વધારે ને વધારે જાગ્રત સંબંધ સ્થાપન કરી શકે છે. પૃ.૨૩
- જ્યારે એ પ્રમાણે થાય છે ત્યારે..... જીવાત્મા પોતાની સચેતન સંકલ્પ શક્તિનો પ્રયોગ કરે છે. પૃ.૨૩
- એ પ્રમાણે બને ત્યારે ખરેખરો આધ્યાત્મિક સંયમ, એટલે કે કેવળ માનસિક કે નૈતિક સંયમથી તદ્દન જુદી જ કોટિનો સંયમ સાધકે મેળવ્યો ગણાય. પૃ.૨૩

આંતર-પ્રક્રિયાનો મૂળભૂત ખ્યાલ આપ્યા બાદ શ્રી અરવિન્દ ચૈત્યપુરુષના વિકાસની વાત કરી રહ્યા છે.

સર્વ સામાન્ય માણસમાં 'જીવાત્મા' બાબતે જ્ઞાન હોતું નથી. પોતાના માનસિક પ્રાણમય અથવા તો બાહ્ય અહંકારને જ 'આત્મા' સમજતા હોય છે. 'ચૈત્ય' તત્ત્વ હોય છે તે બાબત જ માનવ અજ્ઞાનમાં હોય છે. પરંતુ જેણે સભાન રીતે આત્મજ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરેલો હોય છે તે જ સાધક પોતાની સત્ય-ચેતનારૂપ પોતાની દિવ્ય વ્યક્તિતા જાણીને 'જીવાત્મા'ને ઓળખી શકે છે.

'જીવાત્મા' અગાઉ જોયું તેમ માનવમાં પ્રચ્છન્નરીતે કાર્ય કરતો હોય છે તેમાં સંકલ્પનું દબાણ સીધેસીધું હોતું નથી. તેથી જીવ અર્થાત્ ચૈત્યપુરુષ મન-પ્રાણ-શરીરમાં પ્રકૃતિની ગતિવિધિઓ અનુસાર પોતાના સંકલ્પને જે કંઈ રીતે પ્રગટીકરણની સ્થિતિ મળે તેનો ઉપયોગ કરીને વિકાસ કરતો હોય છે. આ પ્રકૃતિની અભાન પ્રક્રિયા છે જે લાંબો સમય અને અથાગ પુરુષાર્થ માંગી લે છે.

પરંતુ 'યોગ' સાધનમાં યોગ એટલે કે 'મિલન'માં પણ સાધના થઈ શકે છે અને તે છે 'જીવાત્મા'નો સંપર્ક કરવો. આ કઈ રીતે કરવું ? શ્રી અરવિન્દ જણાવે છે અધોમુખ પ્રકૃતિમાં ઉતરી આવેલ 'જીવાત્મા'નો જ દિવ્ય અંશ - પ્રતિનિધિરૂપ ચૈત્યપુરુષ આ કાર્ય કરી શકે છે. સાધક પોતાનામાં રહેલા દિવ્ય-તત્ત્વોનો વધારે ને વધારે સભાનરીતે વિકાસ કરતો જાય તો ચૈત્યપુરુષ દ્વારા 'જીવાત્મા'નો સંપર્ક સ્વાભાવિક રીતે જ બની આવે છે. જેમ જેમ પ્રકૃતિના નિમ્નતત્ત્વ શુદ્ધ અને દિવ્ય થતા જાય તેમ તેમ દિવ્ય-પ્રકૃતિ ખીલવા માંડે છે. આ દિવ્યતામાં જ 'ચૈત્યપુરુષ' સીધેસીધું (Direct) માનવ-પ્રકૃતિનું સંચાલન કરી અગ્રભાગે આવે છે. ચૈત્યપુરુષના અગ્રભાગે આવવાથી તે 'જીવાત્મા'નો પ્રતિનિધિ હોઈ 'જીવાત્મા' હવે જીવનનો ડોર સંભાળી લે છે અને પોતાના મૂળ સંકલ્પ - આદિ સંકલ્પને સાધકમાં પ્રગટ કરવાનાં સર્વે દ્વારો ખોલી આપે છે. અત્યાર સુધી જે અપ્રત્યક્ષ કાર્ય થતું તે જીવાત્મા પ્રત્યક્ષ રીતે કરવા માંડે છે. Direct Action હોય છે. સાધકની સભાન અને દિવ્ય-અવસ્થા બરોબર આ વાતથી પરિચિત હોય છે અને તેથી સાનુકૂળ બનીને દિવ્ય-કાર્યોમાં પોતાની સંમતિ આપતો જાય છે. આ દિવ્ય-સંચાલન જ સાધકમાં આધ્યાત્મિક સંયમ લઈ આવે છે જે માનસિક અથવા તો પ્રાણિક સંયમથી જુદા જ પ્રકારનું હોય છે. આ દિવ્ય-જીવનની શરૂઆત હોય છે.

(અનુ. પૃ.૨૦ ઉપર)

# ઉપનિષદો - શ્રી અરવિન્દ

## ઉપનિષદનું આયોજન

(પૃ.૨૭-૨૮)

1 All world is a movement of the spirit in itself and is mutable... Its only eternity is an eternity of recurrence. P. 29
2 Spirit is lord of its movement, one, immutable, free, stable and eternal. P. 29
3 Their multiplication is a play of his cosmic consciousness. P. 30
4 The object of habitation is enjoyment and possession. P. 30
5 The contrary result comes about by Avidya, the ignorance of oneness and the knot of the Ignorance is egoism. P. 30
6 The result is discord with others and oneself. P. 31
7 The renunciation of all in desire is the condition of the free enjoyment of all. P. 31
8 This attitude is founded on the perception of unity. P. 31
9 By transcending Ego and realising the oneself, we possess the whole universe. P. 31
10 Man can be free in his soul and yet live in the world with the full active life of the lord. P. 32
11 It is idle to think of refraining from action or escaping the physical life. P. 32
12 By getting behind nature to the lord of Nature, merging the individual in the cosmic will, one can act with the divine freedom. P. 32
13 By departing from physical life one does not disappear out of the movement... By persisting in gross forms of ignorance, one entres into states of blind darkness. P. 33

જગત એટલે એક જ આત્મતત્ત્વમાં થતી વિવિધ ક્રિયા માત્ર છે. આ ઘડતરો અને આકાર રચાય છે અને વિખેરાય છે. તેઓના આકારો ફરી ફરી રચાય છે એ જ તેનું સાતત્ય છે.

તેથી દરેક પદાર્થમાં સમગ્ર જગત સમાએલું છે, કારણ દરેક પદાર્થ દ્વારા જગતનું એકાદું પાસું અથવા એકાદી સ્થિતિ જ પ્રગટ થતી હોય છે. વ્યક્તિગત પદાર્થ દ્વારા જે અંશ પ્રગટ થાય છે તેને સમગ્ર જગતથી જુદો પાડી શકતો નથી, તેથી આંશિક અભિવ્યક્તિ અને સમગ્ર અભિવ્યક્તિ બન્ને અભિન્ન જ છે.

વ્યક્તિ પોતે પણ જગતની એક અભિવ્યક્તિ સ્વરૂપ છે તેથી સમગ્ર પ્રકૃતિના નિયમો તેની અભિવ્યક્તિને પણ લાગુ પડતા હોય છે.

આત્મતત્ત્વ તો પોતાની સમગ્ર ક્રિયાઓનો સ્વામી છે. તે પોતે અવિનાશી, મુક્ત, સનાતન અને સ્થાયી છે. આ બધી વિવિધતા તો તેને રહેવા માટે કરેલી વ્યવસ્થા માત્ર છે. તે એક જ સમગ્રતામાં અને વિવિધતામાં રહે છે, તેથી ખરેખર તો બધા એકરૂપ જ છે. વિવિધતા તો તેની ચેતનાએ લીધેલા વિવિધ આકાર માત્ર છે.

આત્મા, પ્રભુ, આ જગતમાં આવી વસ્યા છે કારણ તેને પોતે પોતાની સાથે રમીને આનંદ લૂટવો છે. પોતાની જ વિવિધતામાં ખોવાઈ ગએલા ભાગોને પોતામાં મેળવી દેવાનાં છે. આમાં તેને આનંદ મળે છે.

પણ અવિદ્યાને કારણે આના પરિણામો અનપેક્ષિત આવે છે. અવિદ્યા એટલે આ બધું એક જ આત્મતત્ત્વ છે એ બાબતની અભાનતા. આ અભાનતાની ગાંઠ એટલે જ અહંકાર.

આત્મતત્ત્વ તો એકી સમયે અવિદ્યાથી વિવિધતામાં રાચે છે અને વિદ્યાથી એકતાને માણે છે, તેથી તેને અવિદ્યાની અસર થતી નથી. પણ અહંકાર પોતાને મન સાથે એકરૂપ કરે છે, તેથી વિદ્યાનો સંપર્ક કપાઈ જાય છે અને તેથી એકતા મનની પાછળ આવરણ પાછળ ઢંકાઈ જાય છે. મનને વસ્તુઓ તદ્દન અલગ અને સ્વતંત્ર વસ્તુ તરીકે સત્ય લાગવા માંડે છે. પોતાને તે વિશ્વ કરતા અલગ સમજે છે. આ જ અજ્ઞાન છે, તેથી આ ભ્રમને જ અહંકાર કહે છે. તે પોતાને સ્વતંત્ર વ્યક્તિતા ધરાવતી વ્યક્તિ તરીકે જાણે છે.

તેથી જગત સાથે સુસંવાદિતામાં અને એકરૂપતામાં અહંકાર રહેતો નથી અને તેથી સાચા અર્થમાં આનંદ લૂટી શકતો નથી.

પણ બધાં સાથેની એકરૂપતા તેની દ્વારા વિકૃત થઈને માલિકીભાવ સ્થાપવા

સ્વરૂપે પ્રગટ થાય છે. પરિણામે તે અન્યો સાથે અને પોતાની અંદર પણ વિસંવાદ અનુભવે છે, જે તેને માનસિક અને શારીરિક દુઃખ તરીકે અનુભવાય છે.

આમ, તેને વૈશ્વિકશક્તિનો પુરવઠો પણ ઓછો મળે છે અને તે વાપરે પણ વધારે છે તેથી અંતે, પરિણામ આવે છે માંદગી, રોગ, ઘડપણ અને મૃત્યુ. આમ, ઇચ્છાનું બંધન તેને દુઃખ તરફ જ લઈ જાય છે.

આનો ઉપાય એટલે ઇચ્છાઓનો ત્યાગ અને ઇચ્છામુક્ત થઈ જગતનો આનંદ લૂટવો.

આ ઇચ્છાનો ત્યાગ અથવા વૈરાગ્ય એ નૈતિક-નિયંત્રણ કરી બધાંને નકારવા સ્વરૂપનો નથી, પણ બધી જ વાસનાઓમાંથી માનસિક રીતે આંતરિક મુક્તિ સ્વરૂપ છે.

આ માટે અહંકારમાંથી મુક્ત થવું એ શરત છે.  પ્રત્યક્ષ જીવનમાં આનો અર્થ કોઈ વસ્તુને પોતાની માલિકીની ન ગણવી. છે ત્યાં સુધી મુક્ત રીતે ભોગવવી. ન હોય તો ભૂલી જવું. કોઈ વસ્તુ બાબત આસક્તિ કે લોભ રાખવો જ નહિ.

આ પ્રકારનું વલણ આત્માની એકતા ઉપર આધારિત હોવું જોઈએ. બધા આત્મા એકરૂપ જ છે. પ્રભુના આત્માનો અંશ છે અને તેથી અલગ નથી. અલગ થઈ શકતા પણ નથી.

તેથી અહંકારમાંથી ઉપર ઊઠીને અને એક જ આત્માનો અનુભવ લેવાથી વૈશ્વિકચેતના સાથે એકરૂપ થશું. તે વૈશ્વિકચેતનાએ લીધેલા આકારો એ જ વિશ્વ હોવાથી તે વૈશ્વિકઆત્માથી જુદું નથી અર્થાત્ પોતાના આત્માથી પણ જુદું નથી તો પછી માલિકીહક્ક ભૌતિક રીતે મેળવવાની કશી જરૂર જ રહેતી નથી. તેથી કોઈ વસ્તુ માટે ઇચ્છા પણ કરવાની હોતી નથી. કારણ, નથી એ મેળવવાની જ ઇચ્છા થાય છે. જે બધું મળેલું જ છે ત્યાં ઇચ્છા કેવી ?

આપણે બધા જ આત્માઓ સાથે એકરૂપ હોવાથી બધા આત્મા દ્વારા આપણે જ બધા ભોગો ભોગવતા હોઈએ છીએ. આવા વૈશ્વિક અને વિશ્વાતીત-આનંદથી જ માણસ જગતમાં રહીને પ્રભુમય જીવન સક્રિય રીતે જીવી શકે છે. તેની દ્વારા પ્રભુ જ પોતાની અભિવ્યક્તિનું કાર્ય કરતા હોય છે.

તેથી મુક્તિ એટલે નિષ્ક્રિયતા નથી અથવા જગતને ભ્રમ સમજીને તેનાથી તદ્દન અળગા સાક્ષી તરીકે રહેવું એ પણ મુક્તિ નથી. ભૌતિક જીવનથી ભાગી છૂટવાની કે કર્મહીન બેઠા રહેવાની અહીં વાત જ નથી. આ જગતને પ્રભુ તરીકે માણતા માણતા પણ મુક્તિ મળી શકે છે.

કર્મ અને સ્વતંત્રતા બન્ને સાથે ન રહે એ ખોટો ખ્યાલ છે કારણ તેમાં દરેક કર્મ બંધન નિર્માણ કરે છે એવી માન્યતા છે. પણ વાસ્તવિકતા તેવી નથી મુક્ત કર્મ, બંધનરહિત કર્મ પણ શક્ય છે.

ઈચ્છામાં વસ્તુના આકાર અને ગુણધર્મોને જ જોવાય છે, તેની દ્વારા વ્યક્ત થતા પ્રભુને નહિ. આપણે રૂપ, આકાર, ગુણધર્મોને ન જોતા પ્રભુને જોતા માત્ર શીખવાનું છે. આ બાહ્ય અપરા અજ્ઞાનમય પ્રકૃતિના પાછળ જ્ઞાનમય પરાપ્રકૃતિ છે તેમાં પ્રવેશીને આપણે પરમાત્મા સાથે એકરૂપતા પ્રાપ્ત કરી શકીએ છીએ. તેમાં આપણી ઈચ્છા વૈશ્વિક ઈચ્છામાં મળી જાય છે. આપણા કર્મો એ પ્રભુએ કરેલાં કર્મો બની જાય છે. કર્મોનું બંધન તેથી નિર્સગની ગતિવિધિઓને બાંધે છે, આત્માને નહિ.

તેથી અકર્મણ્યતા એ મુક્તિ નથી, પણ પ્રકૃતિની ગતિવિધિઓ સાથે એકરૂપ ન થતાં પરમ-આત્મા સાથે એકરૂપ રહેવાથી જ મુક્તિ મળે છે.

મૃત્યુ વખતે શરીર છોડવાથી માણસ તદ્દન નિષ્ક્રિય બની જાય છે એ પણ ખ્યાલ ખોટો છે. તે ફક્ત ભૌતિક-ચેતના કરતા જુદી ચેતનામાં ચાલ્યો જાય છે.

આ ચેતનાની અવસ્થાઓ પણ અજ્ઞાનમય પ્રકૃતિમાં જીવ્યા તો મરણ પછી વધારે અજ્ઞાનમય પ્રકૃતિમાં, અંધકારમાં પ્રવેશશું. જો જીવતા જ જ્ઞાનમય પ્રકૃતિમાં રહેતા શીખશો તો તમે પણ પ્રકાશમય ચેતનામાં રહેશો જે આનંદમય છે, મુક્ત છે.

---

(પૃ.૨૭ ઉપરથી) **સાંજના વાર્તાલાપો**

ભૂતકાળમાં આવા પ્રયોગો થએલ નથી. આપણે શરૂઆત કરવી જરૂરી છે. તે પોતાની મેળે પૂર્ણતા પ્રાપ્ત કરશે.

**શિષ્ય :** શું આ જીવનમાં શક્ય છે?

**શ્રી અરવિન્દ :** તમારી સાધનાની તીવ્રતા, શરીરની ગ્રહણશીલતા અને શરીરની આવરદા ઉપર તેનો આધાર છે. કદાચ પરિપૂર્ણ અવતરણ ન કરાવી શકીએ, તો આવતા જન્મે શરૂઆત કરશું. બીજું, અતિમનસ અંતિમ તત્ત્વ નથી. તેની ઉપર પણ આનંદમય કક્ષા છે. કોઈ કદાચ તે કક્ષા સુધી આ જન્મે જ પ્રગતિ કરી શકે છે.

સારાંશ, અતિમનસના અવતરણની પણ કક્ષાઓ હશે. તે બધામાં જ પ્રથમથી જ સમાન રીતે અવતરણ નહીં પામે. જેમ માનવને બુદ્ધિ આપેલી છે પણ તેની વિવિધ કક્ષાઓ આજે પણ દેખાય જ છે તેવું જ અતિમનસનું થશે. દરેક પોતાની કક્ષા મુજબ પોતાની ક્ષમતા પ્રાપ્ત કરી શકશે.

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## અતિમાનસિક વ્યક્તિ

પ્રકરણ - ૨૯

(ખંડ-૧, પૃ.૧૫૭-૧૫૯)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શિષ્ય :** અતિમાનસિક વ્યક્તિ શું જ્ઞાનની પ્રક્રિયા વગર જ ભૌતિક જગતને જાણી શકશે ? તેની સાથે વ્યવહાર કરી શકશે ?

**શ્રી અરવિન્દ :** તેની પૂર્ણ અતિમાનસિક પ્રગતિ થતાં જ્ઞાનની પ્રક્રિયાની જરૂર રહેતી નથી.

**શિષ્ય :** દા.ત. કાંચના મૂળભૂત તત્ત્વોનું જ્ઞાન તે પ્રયોગ વગર જાણી શકશે ?

**શ્રી અરવિન્દ :** તેનું શારીરિક પણ અતિમાનસ થએલું હશે તો હા.

**શિષ્ય :** શું તમે એવું કહેવા માંગો છો કે વાયરમેનની ટ્રેનિંગ સિવાય પણ તે ઈલેક્ટ્રીશિયનનું કાર્ય કરી શકશે ?

**શ્રી અરવિન્દ :** બધું જ શક્ય છે. અતિમાનસજ્ઞાન બાબત શંકા લેવા જેવું નથી. અત્યાર સુધી કોઈએ તેને ભૌતિક-ક્ષેત્ર અવતરણ કરાવવાનો પ્રયોગ કરેલ નથી, તેથી તમને શંકા આવે છે.

**શિષ્ય :** તો આપણા વિવિધ વિજ્ઞાનોની અવસ્થા શું થશે ? તે નિરુપયોગી બની જશે ? શું આ બધું બધાં જ અતિમાનવો કરી શકશે કે ગણ્યાગાંઠ્યાં ? બધાં ન કરી શકતા હોય તો વિજ્ઞાનોને અવકાશ રહે.

**શ્રી અરવિન્દ :** બહારનાં પરમાણુઓમાં અને બધાનાં શરીરનાં કોષોમાં પણ ચેતના છે. તે વ્યક્તિની સાધનાનુસાર વિકાસ પામશે. તેથી અતિમનસ ચેતના ક્રમે ક્રમે જ વિકાસ પામશે. તેથી જેઓનું સમગ્ર અતિમાનસિકરણ થએલ હશે તે જ તેવું કાર્ય કરી શકશે.

શરીરમાં તેને અવતરણ કરાવવી સહુથી અઘરી છે. કારણ ત્યાં તેને સંઘર્ષ કરીને તે કાર્ય કરાવવું પડે છે, તેથી ભૂલો પણ થાય છે. તે ક્ષેત્ર વણખેડાએલું છે.

(અનુ. પૃ.૨૬ ઉપર)

# શંકા અને અવિશ્વાસ ઉપર વિજય કેવી રીતે મેળવશો ?

પ્રકરણ - ૨૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 113-121)

માણસની પ્રગતિની ગતિને ભાંગી નાખનાર તત્ત્વ એટલે શંકા અને અવિશ્વાસ. શંકા આવતા જ માણસના પ્રયત્નોમાં શિથિલતા આવી જ જાય છે અને તેથી પ્રગતિની ગતિ ઓછી થવા જ લાગે છે.

શ્રી માતાજી તો શંકાકુશંકા કરવાની ટેવને એક રોગિષ્ઠ ટેવ ગણે છે. શંકાકુશંકા પછી દલીલોને જન્મ આપે છે. જે અંતે નિરર્થક ચર્ચાઓનું સ્વરૂપ લઈ લે છે. આમાં ઘણી વખત પોતાનો અહંકાર પોષવા, પોતાને બુદ્ધિમાન ઠરાવવા જ દલીલો થતી હોય છે.પણ આ દલીલોની ટેવ અંતે નાસ્તિકતા તરફ દોરી જાય છે.

આમ શંકારૂપી કીડો જીવનરૂપી ફળને અંદરથી કોરી ખાઈને પોતે દલીલ, નાસ્તિકતા જેવા ફરજંદોને જન્મ આપે છે, આ સર્વનાશ ફેલાવાનું કારણ એ છે કે શંકા મૂળભૂત રીતે માનવની સંકલ્પશક્તિને જ નબળી પાડી નાંખે છે. શંકા જન્મે છે મનમાં. ધીમે ધીમે મજબૂત થતા તે ખાતરી અને વિશ્વાસનું રૂપ લે છે. તે જ સંકલ્પશક્તિના સામે પડીને બીજી સંકલ્પશક્તિને ઊભી કરીને તેનો નાશ કરે છે.

શંકા અને અવિશ્વાસ ચેપી રોગ જેવા છે. તે એકમાંથી બીજામાં ફેલાય છે. શંકાનાં આંદોલનો સમગ્ર વિશ્વમાં ઘૂમતાં જ હોય છે અને તે ખોરાક, સહવાસ, વાતાવરણ દ્વારા તમારામાં પ્રવેશવા પ્રયત્ન કરતાં જ હોય છે.

આ બધાં અવચેતન અને તેના કાર્યનાં ખેલ હોય છે. મૃત વ્યક્તિઓના મનોમય અને પ્રાણમય અવશેષો આનાં વાહક હોય છે અને દૂષણ ફેલાવતા હોય છે. આ ગૂઢશાસ્ત્રોએ જાણેલું સત્ય છે. અદિવ્ય-સત્ત્વો માનવોને ભ્રષ્ટ કરવા આવી શંકાકુશંકાઓ તેના મગજમાં વાવતા હોય છે.

(અનુ.પૃ.૪૧ ઉપર)

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

## અશ્વિનીકુમાર ઈન્દ્ર અને વિશ્વદેવો
## અશ્વિનીકુમાર - સૂક્તો (ઋગ્ ૪-૪૫)

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૧૧૧-૧૨૧)

(વેદનું રહસ્ય ભા.૧ પૃ.૩૪૦-૩૪૮)

પ્રકરણ -૧૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

વેદોમાં એક જોડકું પ્રખ્યાત છે. ગો અને અશ્વ અર્થાત્ દિવ્યપ્રકાશ અને દિવ્ય-શક્તિ. સારાંશ, આ બન્નેનું સંયુક્ત નામ કદાચ અશ્વિનીકુમાર હોવાની શક્યતા છે. બન્ને દિવ્યશક્તિમાં જ આવિર્ભાવ હોવાથી ભાઈ-ભાઈ થઈ શકે.

પણ અશ્વિનીકુમારનાં રથમાં ફક્ત અશ્વિનીકુમારો અને ત્રણનાં જોડકાં જ નથી પણ એક ચોથી પણ હસ્તી છે. તે છે મધુની (આનંદની) મશક-(કોથળી). આ કોથળી કઈ તો તે છે પાર-ચેતના અર્થાત્ ઋત્ - ચેતના (અતિમનસ)ની. કૃતિનો અક્ષરશઃ અર્થ કાપીને જુદું કરેલું, ચીરેલું એવો છે. તે અર્થ ઋત્-ચેતનાને બરાબર લાગુ પડે છે. સત્-ચિત્-આનંદ નિષ્ક્રિય અવસ્થામાં, સ્વલીન અવસ્થામાં હોય છે. તેમાનો અમુક અંશ સક્રિય બને છે ત્યારે તે ઋત્-ચેતના બને છે. તે જ જાણે કાપીને-ચીરીને જુદો પાડેલો ભાગ છે. આ ઋત્-ચેતના બને છે. આ ઋત્-ચેતનાની કૂપીમાંથી ઠલવાતા આનંદને કારણે જ પેલું ત્રણનું જોડકું પણ આનંદથી પરિપૂર્ણ બની જાય છે. (મધુમન્તઃ) અને તેને સાધનામાં મગ્ન રહેવામાં જ રસ પડવા માંડે છે. આવી રીતે ઋત્ના પ્રકાશની પાછળ ઉષાની પાછળ-પાછળ અશ્વિનીકુમારોનો રથ આ ત્રણનાં જોડકાં સાથે સતત ઊર્ધ્વ-

ચેતનામાં આરોહણ કરતો જાય છે. (ઉદ્ધાં પૃક્ષાસો મધુમંત ઇરતે રથા.....૨)

ઊર્ધ્વારોહણ એટલે આ ત્રણે તત્ત્વોનું ઊર્ધ્વ-ચેતના પ્રત્યે ખુલ્લા થવું. પોતાની અનુભૂતિના ક્ષેત્રનો વિસ્તાર. તેથી સૂક્ત જણાવે છે કે આને કારણે આ ત્રણે નિમ્નલોક સ્વર્ગની અનુભૂતિના ક્ષેત્રમાં પણ વિસ્તાર પામે છે. (તન્વન્ત આ રજઃ - ૨) રજસ્ એટલે ત્રિવિધ નિમ્ન-લોક.

આ જે સભાનતાનો પ્રકાશ વિસ્તરીને આપણા મન, પ્રાણ, શરીરમાં ફેલાય છે અને સ્થિર થાય છે તે 'દક્ષિણા' સ્વરૂપ છે. દક્ષ રહેવું એટલે સભાન રહેવું. એકાગ્ર રહેવું. તે સભાનતા સ્વરૂપ એકાગ્રતાથી જ આપણામાંના ચેતનાનો અગ્નિ તૃપ્ત થાય છે, પુષ્ટ થાય છે અને વિકાસ પામે છે. તેમાંથી જ જાણે આંતર-દર્શનાની ક્ષમતા (સરમા) પ્રગટ થાય છે.

આપણા સ્વરૂપનાં આ કાંઈ નવા રચાતા શિખરો-સાનૂનિ નથી, પણ આપણે જેથી અભાન હતા તેવાં શિખરો છે. આપણું સ્વરૂપ તો આવા અસંખ્ય શિખરોવાળું અદ્રિ છે. પર્વત છે. અને તેના સર્વોચ્ચ શિખર ઉપર છે અમરતાનું શિખર - (યત્રામૃતાસ આસતે-)

ત્રીજી ઋચામાં વામદેવ અશ્વિનીકુમારોને યજ્ઞમાં સોમરસનું પાન કરવા આમંત્રે છે. કારણ આનંદ આપનારાં અશ્વિનીકુમારો બધાંને વહાલા જ (પ્રિયં-૩) છે. હવે અશ્વિનીકુમાર માટેનો રથ ફક્ત પ્રકાશમય મન ન રહેતા સમગ્ર માનવસ્વરૂપ જ બની જાય છે. ઉપનિષદોમાં માનવી-સ્વરૂપને રથ તરીકે વર્ણવ્યો છે. અશ્વિનીકુમારો આ સમગ્ર રથને જોતરીને સોમરસપાન કરે છે, તેથી તેમનો સાધનાપથ અને સાધનાની ગતિ પણ આનંદદાયક બની જાય છે. (આ વર્તીને મધુના જિન્વથસ્પથો-૩) જિન્વતઃ એટલે ગતિ અને પથ એટલે માર્ગ.

હવે એક જાણે ચમત્કાર થાય છે. નિમ્નસ્વરૂપ, જે ભૌતિક-જીવનને જ ચોંટેલું રહેતું, તેથી તે રથને હંકાવનાર પણ ધરતી ઉપર ચાલનારાં અશ્વો હતાં પણ હવે અશ્વોનું રૂપાંતર હંસોમાં - પક્ષીઓમાં થઈ જાય છે, જે ઊર્ધ્વ-જગતોમાં વિચરે છે. તેમની ઉપર હવે કોઈ આક્રમણ કરી શકતું નથી. તેમને ઈજા પહોંચાડી શકતું નથી. (અસ્ત્રિધા) (અસિયઃ) તે સોનેરી પાંખવાળાં છે.

હિરણ્યપર્ણાઃ ૪) આ પક્ષીઓ ઉષઃકાળમાં જાગનારાં છે. (ઉષર્બુધઃ - ૪) અર્થાત્ આંતરિક પ્રકાશ બાબત સભાન હોય છે. તેઓ પોતાના અવચેતનનાં માળામાંથી બહાર આવે છે (દિવો અસ્ય સાનવિઃ). તેઓ આનંદની વર્ષા નિમ્નતત્ત્વો ઉપર કરે છે (ઉદપ્રુતો - ૪) પોતે આનંદમય જ છે. (મન્દિનો - ૪) તેમને પરાચેતનાનો ધ્યાસ લાગેલ છે અને તેથી મધમાખી મધપૂડા તરફ પાછી ફરે તેમ તીવ્ર વેગે પાછા ફરે છે. મૂળ સ્થાનોને ઝંખે છે (મક્ષઃ સદનાની ગરછથઃ - ૪)

અશ્વિનીકુમારોએ પણ પોતાની બુદ્ધિમાં પ્રકાશને ધારણ કરેલો હોય છે. (શવિરયા ધિયા) તે 'પ્રતિભા' સ્વરૂપ હોય છે. તેઓ પથ્થરોને પીસીને (સ્થૂળ આ અદ્રિરૂપ શરીરને સાધનાથી તેજોમય કરીને પીસીને સોમરસરૂપી આનંદ બહાર કાઢે છે, જે તેમાં જ ગુપ્ત રીતે રહેલો છે, તેથી અગ્નિ સંતુષ્ટ થાય છે. આવી રીતે ઇન્દ્રને નિમ્નલોકમાં પોતાનું કાર્ય કરવાનું એક વધારાનું માધ્યમ મળે છે. જાણે ઇન્દ્રને એક નવો શુદ્ધ દિવ્ય હાથ મળે છે ! (યન્તિક્ત હસ્ત - ૫) નિક્ત એટલે શુદ્ધ.

સાધનાની શરૂઆતમાં માનવના સ્વરૂપમાં ક્યારેક દિવસ, ક્યારેક રાત હોય છે. બન્ને સાધનાને પોષે છે. (અહુભિઃ) તેથી સૂર્યની ચેતનાની અને અશ્વોની ગતિ વધારે તીવ્ર બને છે. બન્ને સભાન રીતે હવે વિશ્વની રચના ધ્યાનમાં લઈ પોતાનો માર્ગ આક્રમે છે (વિશ્વાં અનુસ્વધયા ચેતથસ્પથઃ - ૬)

આવી રીતે આંતરપ્રેરણાથી દોરવાયેલાં જ્ઞાન અને ક્રિયા સંવાદ સાધીને સાધનાનો માર્ગ આક્રમે છે. વામદેવ આવા અશ્વોને (જ્ઞાન અને ક્રિયાને) જરારહિત વર્ણવે છે. તે ચિરયુવાન છે. વળી તેમને પ્રેરણારૂપી (ધિયંધા-૭) પ્રકાશ ધારણ કરેલ મનની મદદ છે, તેથી તમે અંતિમ ચિદાનંદમાં પહોંચી જાઓ છો. (ભોજમચ્છ - ૭) (ક્રમશઃ)

# સુંદર કથાઓ

- માતાજી

## પરોપકાર

(સુંદર કથાઓ પૃ. - ૧૭૯-૧૮૦)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**એક બાઈ અતિ પાપી હતી. તેનું ચારિત્ર્ય અતિ ખરાબ. લોકો તેનો તિરસ્કાર કરતા. લોકો તેને પાપિણી જ કહેતા.**

**પણ તે સ્ત્રી ખૂબ જ દયાળુ હતી. ગરીબોને, મૂંગા પશુઓને મદદ કરતી.**

**એક વખત તે ગામના પાદરેથી પસાર થઈ રહી હતી. ત્યાં એક કૂવો હતો. લોકોએ ત્યાં એક દોરડું બાંધેલું અને પાણી સિંચીને લઈ જતા.**

**તે કૂવા પાસે એક કૂતરું પડ્યું હતું. તે ભૂખ્યું અને તરસ્યું હતું. તેની જીભ બહાર નીકળી ગઈ હતી. આ પાપિણીએ આવનાર લોકો પાસે થોડીવાર માટે તે કૂતરાને પાણી પાવા ઘડો માગ્યો, પણ કોઈએ આપ્યો નહિ. છેવટે બધા જ લોકો જતા રહ્યાં. આ બાઈ વિચાર કરવા લાગી, ‘‘કેવી રીતે કૂતરાને પાણી પાઉં ?’**

**તેને એક યુક્તિ જડી. તેણે પોતાના પગના જોડા કાઢ્યાં. તે દોરડે બાંધ્યાં અને તેમાં પાણી સિંચી બહાર કાઢ્યું. તે જોડાનું પાણી કૂતરાને પાયું. કૂતરો સાજો થઈ ગયો. ધીમેથી ઊઠીને ચાલ્યો ગયો.**

**લોકોને આ વાતની જાણ થઈ ત્યારે તેઓ બોલ્યા, ‘‘બાઈનાં બધાં જ પાપો ધોવાઈ ગયાં છે.’’**

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

## વાસ્તવિકતાનો અર્થ (૩૫-૩૬)

પ્રકરણ - ૨૫

(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૬૪-૬૫)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**કેટલાક લોકો એમ કહે છે કે કૃષ્ણનું અસ્તિત્વ જ ન હતું. એ એક કાલ્પનિક પાત્ર છે. એમના કહેવાનો આશય છે કે તેઓ કદી પૃથ્વી ઉપર આવેલા જ નહિ. જો વૃંદાવનનું અસ્તિત્વ પણ કોઈ ઠેકાણે ન હોત તો ભાગવત પુરાણ લખાત જ નહિ. (૩૫)**

''માતાજી, વૃંદાવન કોઈક ઠેકાણે ન હોત તો નો અર્થ શું?''

''બેટા, પૃથ્વી ઉપર જે વસ્તુઓએ ભૌતિક આકાર લીધો છે તે સૂક્ષ્મ જગતની વસ્તુ મૂળ છે. તેની આજુબાજુ ભૌતિક પડળ બંધાઈને ભૌતિક વસ્તુ બને છે. જગત આ રીતે જ આવિર્ભાવ પામ્યું છે. તે સૂક્ષ્મમાં હતું. અવ્યક્ત હતું. તે ભૌતિક સ્તરે વ્યક્ત થયું છે. પૃથ્વી ઉપરનું વૃંદાવન તો પેલા સૂક્ષ્મ મૂળ વૃંદાવનની વિકૃત કોપી માત્ર છે. જે લોકોનો આંતિરક વિકાસ થયો હોય તેઓ આ સૂક્ષ્મ જગતો પોતાના ધ્યાનમાં લઈને લખતા હોય છે. બધા લેખકોનો આ અનુભવ છે. વ્યાસે પણ આ રીતે વૃંદાવન જોયું હશે તેનું જ વર્ણન તેમણે ભાગવતમાં કરેલું છે.

શ્રીકૃષ્ણ એક ઐતિહાસિક વ્યક્તિ હતાં કે નહિ તેનું મહત્ત્વ નથી. પણ તેમના સ્વરૂપે પૃથ્વીની ચેતનાના વિકાસમાં ખૂબ મોટો પ્રભાવ પાડેલો છે અને બધાંનાં હૈયે તેઓ હજી વસેલા છે એ જ મહત્ત્વની વાત છે.

શ્રી અરવિન્દે લખેલ છે કે અમુક આદર્શોને વારંવાર યાદ કરાય, જીવાય તો તેમનું એક મનોમય ઘડતર બંધાય છે અને તે સ્વતંત્ર જીવન ધારણ કરે છે તે લોકોના માનસ ઉપર પરિણામ પણ કરે છે.

વાસ્તવિકતા એટલે ફક્ત ભૌતિક વાસ્તવિકતા નથી. પ્રાણમય, મનોમય,

ચૈતસિક એવી વાસ્તવિકતાઓના પણ એકથી એક સૂક્ષ્મ સ્તરો છે. કોઈક તો સ્તરે તે વાસ્તવિક હોવી જ જોઈએ. નહિ તો તે આપણા જીવનમાં પ્રભાવ પાડત જ નહિ.

આજ તથ્યને વધારે સ્પષ્ટ કરતું વિચાર સૂત્ર ૩૬મું છે :

**'આશ્ચર્ય ! જર્મનોએ સાબિત કર્યું છે કે ઈશુ ખ્રિસ્ત હતા જ નહિ, પરંતુ તેમ છતાં એમને વધસ્તંભે લટકાવેલા એ હકીકત 'સીઝર'ના મૃત્યુથી પણ વધુ મહાન ઐતિહાસિક તથ્ય માનવામાં આવે છે (૩૬)**

શ્રી અરવિન્દે ગીતા નિબંધોમાં ત્રણ અવતારોની ચર્ચા કરી છે - ઈશુ, સીઝર અને ગૌતમબુદ્ધ. ઈશુ પ્રેમના અવતાર હતાં. સીઝર શૌર્યના અને બુદ્ધ કરુણાના. સીઝરના મૃત્યુથી રોમ અને તેથી સંબંધિત બધાં જ રાષ્ટ્રોમાં મોટું પરિવર્તન આવ્યું, તેથી યુરોપના ઈતિહાસમાંની તે પ્રમુખ ઘટના છે. ઈશુના વધસ્તંભે લટકવાની વાતે માનવી સંસ્કૃતિના વિકાસમાં અધ્યાત્મનો એક નવો તબક્કો શરૂ કયો, તેથી તે વાત ખૂબ જ અર્થપૂર્ણ બની ગઈ. તેથી તે સીઝરના ઐતિહાસિક મૃત્યુની ઘટના કરતા પણ વધારે વાસ્તવિક ઘટના બની ગઈ. તે માનવ-ઉદ્ધાર માટે પ્રભુએ પોતે આપેલા બલિદાનનું પ્રતીક બની ગયું છે. તેણે પોતાની સર્વજ્ઞતા, સર્વ શક્તિમત્તાને કોરાણે મૂકીને માનવના અજ્ઞાન અને દુ:ખના સ્થૂળ આવરણને પણ સ્વીકાર્યું. કારણ તેમાંથી પ્રેરણા લઈ માનવ બહાર નીકળી જાય, સ્થૂળ આવરણને વટી જાય.

---

(પૃ.૫ ઉપરથી) **શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન**

વ્યવસ્થા તો તેમણે ગોઠવેલી જ હતી. તેમની આંતરિક જરૂરિયાતોનું ધ્યાન રાખી એમની સાધનાને પણ વેગ આપતાં. તેઓ રાત્રે સૂક્ષ્મસ્વરૂપે સાધકોની મુલાકાત લઈને તેમને ખબર ન પડે તે રીતે મુશ્કેલીઓ દૂર કરી તેમને સાધનામાં સહાય કરતાં. તેમની બાહ્ય-સમસ્યાઓનું પણ નિરાકરણ કરતાં. અખૂટ ધીરજ અને અપાર ખંતથી તેઓ પોતાની સમીપ રહેલા સર્વ સાધકોની નિમ્નપ્રકૃતિ પર કામ કરીને તેઓને દિવ્ય-ચેતનાના ઢાળમાં ઢાળ્યે જતાં હતાં. શ્રી અરવિન્દ એકાંતમાં રહીને અતિમનસ ચેતનાના અવતરણ માટેનો સૂર્યપ્રકાશિત માર્ગ તૈયાર કરી રહ્યા હતા, ત્યારે શ્રી માતાજી એ માર્ગ પર ચાલવા માટે નમૂનારૂપ માનવ-પ્રતિનિધિઓને શ્રી અરવિન્દ આશ્રમમાં ઘડવાની મહા કઠોર સાધના કરી રહ્યાં હતાં, જેથી પછી ભવિષ્યમાં સમગ્ર માનવજાતિ દિવ્યસ્વરૂપે અસ્તિત્વમાં આવે. (ક્રમશ:)

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૨૧૭-૨૨૬)

પ્રકરણ - ૩૩ **અવતરણો**

## દુઃખનું રૂપાંતર

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 There is above us..... a great supporting extension as it were of peace, light, power, joy. That we can become aware of it and bring it down into the physical consciousness. P.172

2 It (peace above) can..... change the whole basis of our daily - consciousness..... The need is to have an aspiration towards it, make the mind quite so that what we call the opening is redered possible. P.172

3 In this Yoga, the whole principle is to open one self to the Divine Influence. P.172

4 It descends into mind as Peace, as Light, as a Force that works, as the Presence of the Divine with or without form as Anand. P.172

5 Aspiration, call, prayer are forms of one and the same thing. P.172

6 One begins by wanting it with mind..... then one has aspiration (in the heart) you must sense it (in the body). P.173

7 Have less and less the feeling that you are a person, a separate entity. P.173

8 That aspiration (inner flame)..... it is a kind of luminous enthusiasm.... It is an irresistable need to melt away. P.173

9 This must accur..... take place..... in all the cells of the body. P.174

10 Suddenly..... instead of feeling the ascent..... you have the feeling of the Descent, the answer. P.174

11 One asks with the unshakable certitude that it will come (Child like trust). P.174

12 If there is doubt, (it) creates a sort of little whirlwind around the being which prevents it from receiving the real thing. P.176

13 In any case the first indispensable condition is a quiet surrender to the Divine will. P.176

14 Force of transformation is working very very hard..... there is a change in the functioning, and so the first impression is always disorder. P.177

15 Complete surrender, i.e. that it counts only on the intervention of the Supreme..... that is the body. P.178

16 The first thing to teach the body is to remain immobile, to have no reaction..... no shrinking..... not even the movement of rejection..... a perfect immobility. P.178

17 After the perfect immobility comes the movement of inner aspiration. P.178

18 Sincerity becomes intense..... in the consciousness that everything is the action of the Divine. P.179

19 (Cells) They are able to feel that they are the expression of Divine..... i.e. to brcome conscious that all is Divine. P.179

દરેક માનવના મસ્તકની ઉપર એક નિરાકાર પ્રકાશમય ચેતના હોય છે. તે જ માનવના સ્વરૂપને આધાર આપે છે, જેમ ઝળુંબાતા ફળનો આધાર ડાળી હોય તેમ ! તેમાંથી જ આંતર-પ્રેરણાઓ નીચે અવતરણ પામી ચિત્તમાં પ્રગટ થાય છે. તે ચેતનાના વિસ્તારમાં જ શાંતિ, પ્રકાશ, શક્તિ અને આનંદનો સ્રોત છે. ગીતા તેને જ અક્ષરપુરુષ કહે છે અને તેને આપણા સ્વરૂપનું 'ઊર્ધ્વમૂલમ્' કહે છે. તેના સંપર્કમાં આપણી ભૌતિક-ચેતનાને પણ રૂપાંતરિત કરવાની ઝંખના, અભીપ્સા અને તેને કારણે આપણી ચેતનામાં પોતાની મેળે આવતો ઉઘાડ આવે છે. આ ઊર્ધ્વ-ચેતના જ પ્રભુ અને આપણી વચ્ચેનું સંપર્ક સાધવાનું માધ્યમ છે. તે નીરવ-પ્રદેશ તરીકે અનુભવાય છે. તે જ્યારે અભીપ્સાના પોકારના પ્રત્યુત્તરમાં

નીચે વહી આવે છે ત્યારે તે આપણા મન (વિચારો), પ્રાણ (ભાવના કે હૃદય) અને શરીર અથવા કર્મોને છલોછલ ભરી દે છે અને તેને કારણે આપણા સમગ્ર અસ્તિત્વમાં પ્રભુની હાજરીનો અનુભવ થાય છે અને સાથે સાથે શાંતિ, પ્રકાશ, શક્તિનો પણ અનુભવ થાય છે, જે દિવ્ય-શક્તિનાં જ વિવિધ સ્વરૂપો છે.અભીપ્સા એકદમ કેળવી શકાતી નથી. પહેલા તો આપણા મને તેની તાતી જરૂર છે એ સ્વીકારવું પડે છે. પછી હૃદય પણ સ્વીકારે છે અને અંતે, શરીરનાં કોષો પણ. આ સ્થિતિ સર્જાતા અભીપ્સા પોતાની મેળે પ્રગટ થાય છે તે તમને હૃદયને સ્પર્શી જવી જરૂરી છે.

જેમ જેમ તમારી ચેતના અભીપ્સાના જોરે ઊર્ધ્વગામી થાય છે, તમે વધુ ને વધુ અહંકારમાંથી મુક્ત થતા જાઓ છો અને તેને કારણે તમે પોતાની પ્રકૃતિમાંથી મુક્ત થતા અનુભવો છો. તમે પોતાના વ્યક્તિત્વની મર્યાદાઓ તોડતા લાગો છો. પોતે જગતથી જુદા નથી પણ તેનો જ એક અંશ છો એવો ભાવ વચગાળામાં જન્મવા લાગે છે. વાસના, સ્વાર્થનું જોર તૂટતું લાગે છે. તેવી સ્થિતિ પ્રાપ્ત થતાં જ તેની પાછળ પાછળ પગલાં ભરી અવતરણ પામતી દિવ્ય-ચેતના એક પ્રકાશમય દિવ્ય-ઉત્સાહ અથવા પ્રકાશમય વિસ્તાર તરીકે અનુભવવા માંડે છે. તે ખરેખર આપણી અહંકાર મુક્તિની અચૂક નિશાની છે.

આ ઘટના કોષોમાં પણ અનુભવવાની જરૂરી છે, પણ આ દિવ્ય-અનુભવમાં સાતત્ય હોતું નથી. તે અચાનક ઓગળી જતા, ચેતનામાં આવરણ અથવા મૂઢતા આવી જતી લાગે છે. વ્યક્તિ ત્યારે ગૂંગળામણ અનુભવે છે. આ ગૂંગળામણ જ તમને તે ચેતનાને ફરી પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી સાધનારત રાખે છે. ફરી દિવ્ય-ચેતના કૃપા કરીને અવતરણ પામી પ્રગટ થાય છે. આમ, તબક્કાવાર આપણી પ્રકૃતિનું રૂપાંતર દિવ્ય-પ્રકૃતિમાં કરવામાં આવતું હોય છે.

ઘણાંને આવા પરિણામો વિલંબે આવતા અનુભવાય છે કારણ તેઓમાં પરિણામ બાબત ખાતરી હોતી નથી. પોતાની સાધનાની સફળતાનો અથવા સાચી હોવાનો વિશ્વાસ હોતો નથી. સાચી, અડગ, આત્મવિશ્વાસપૂર્ણ શ્રદ્ધા જ આમાં યશ અપાવે છે. આવી શ્રદ્ધા, ઉત્સ્ફૂર્ત, સાદીસીધી, શંકાવિરહિત, નાના બાળકની શ્રદ્ધા જેવી હોય છે. આપણું મન વિચાર કરીને, શંકાકુશંકા કરીને,

આપણી અને પ્રભુ વચ્ચે દીવાલ ચણી દે છે. શંકાને કારણે સૂક્ષ્મ શરીરની આજુબાજુ એક વંટોળ નિર્માણ થાય છે, જે દિવ્ય-શક્તિને સૂક્ષ્મ-શરીરમાં પ્રવેશવા અવરોધ નિર્માણ કરે છે, શંકા એ અશ્રદ્ધાનો જ પ્રકાર હોય છે.

તમારી અભીપ્સા, શ્રદ્ધા અવનવા રૂપે પ્રગટ થતી હોય છે. કોઈ વખત ભાવ તરીકે, કોઇ વખત શબ્દમય પ્રાર્થના તરીકે, કોઇ વખતે મૂક સમર્પિત કર્મો તરીકે, કોઇ વખતે પ્રભુ સાથેનો આંતરિક-સંવાદ તરીકે; જેને આત્મ-નિવેદનમ્ કહે છે. આ બાહ્ય- સ્વરૂપો બાબત આગ્રહ રાખો નહિ. જે સ્વરૂપે આવે તે સ્વરૂપે ભાવજીવન જીવો. આ બધાંનો આધાર અને સ્રોત એક જ વસ્તુ હોય છે - પ્રભુ પ્રત્યે શાંત, સશ્રદ્ધ, સમર્પણભાવ.

આ ભાવને બાહ્ય-પરિસ્થિતિનાં આઘાતોથી બચાવવો પડે છે. જીવનમાંની સમસ્યાઓમાં મનને અટવાઇ જતા રોકવું અને ઊર્ધ્વમાંના પ્રકાશ, શાંતિ અને અવિચળ શક્તિમાં ચેતનાને સ્થિર કરી એકરૂપ થઈ રહેવું અને પ્રભુને સમર્પિત ભાવે પ્રભુને જીવનને જે ઘાટ આપવો છે તેની ઉપર જ પસંદગી ઉતારવી. આ જ સાચો, સરળ અને સુરક્ષિત માર્ગ છે.

આને કારણે રૂપાંતરકારિણી શક્તિ જ નીચે અવતરણ પામે છે. તે આપણા શરીરની ક્રિયા કરવાની બધી જૂની ટેવોને ભાંગીને નવી પદ્ધતિ અપનાવે છે. આથી પ્રાથમિક અવ્યવસ્થા નિર્માણ થઇ રહી છે, એવો ભાવ રચાવાની શક્યતા છે; પણ તેની તરફ દુર્લક્ષ્ય કરીને ઊર્ધ્વ-ચેતનાનાં પ્રકાશમાં સ્થિર રહેતા શીખો. શરીરને બોલવા દો : ''તે પ્રભુ સર્વજ્ઞ છે. તે મારો હિતેચ્છુ છે. તે બધી વસ્તુઓ મારફત કામ કરી જ રહ્યો છે. તેમાં જ મારું કલ્યાણ છે.'' તે કરતી વખતે શરીરને અવિચળ બનાવી દો. અવિચળ એટલે શરીર પ્રત્યાઘાત આપતું નથી, શાંત રહે છે. ભયથી સંકોચાતું નથી. કોઇ વસ્તુ બાબત પૂર્વગ્રહયુક્ત નાપસંદગી નથી તેવું. પ્રભુની ઇચ્છાને પૂર્ણ આધીન હોય છે. ધીમેધીમે શરીરની ગ્રહણશીલતા વધી જાય છે. કોષો પોતાને પ્રભુનો આવિર્ભાવ માની તેની સાથે એકરૂપતા સાધે છે. આવી સ્થિતિમાં રોગ-નિવારણ પોતાની મેળે થાય છે. માનવ નિરામય રહે છે.

# આત્મસિદ્ધિ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

## ચૈત્યપુરુષનું રહેઠાણ, રચના અને સ્વભાવ

(પુસ્તિકા પૃ.૨૩-૩૧)    પ્રકરણ - ૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ આ પ્રસંગે આપણી અંદર ગુપ્તપણે રહેલ ચૈત્યસ્વરૂપનો આપણા યજ્ઞના નેતા તરીકે આવિષ્કાર થાય. પૃ.૨૦

૨ આપણી યજ્ઞક્રિયા પાછળ જે શક્તિ અને ગૂઢાર્થ રહેલો હોય છે તેને એ સ્વરૂપ જ સાચવી જાણે છે.

૩ ઊર્ધ્વની શક્તિઓ આવીને આપણને આપણી મર્યાદાઓથી પર થવા અને આપણી જાતનું એક મહત્તર સ્વરૂપમાં અને વિશાળતર પ્રકૃતિમાં રૂપાંતર કરવાને સાદ દે છે.

૪ મનુષ્યમાં એક ખોટો (બનાવટી) કામનામય પુરુષ આત્મા તરીકે ઊભો થાય છે; સાચા અદૃશ્ય હૃદયમાં ભાગવત-પ્રકાશથી કંઈક અંશે પરિપ્લાવિત થયેલો આપણો આત્મા હોય છે. તે આપણા આ તમોમય પ્રાકૃતિક દેહને ટેકો આપે છે.

૫ જ્યારે આ ચૈત્યપુરુષ મુક્ત થાય છે, એને પડદા પાછળથી અગ્રભાગે લાવવામાં આવે છે; ત્યારે તે પોતાની દૂરગામી દૃષ્ટિ, દર્શનો અને આંદોલનોને મન, પ્રાણ અને શરીર ઉપર વહાવી શકે છે.

ચૈત્યપુરુષ અંતઃકરણરૂપી ગુફામાં ઊંડે ઊંડે રહે છે એવું ઉપનિષદનાં ઋષિઓ જણાવે છે. અંતઃકરણને જ હૃદય પણ કહે છે. ચિત્ત પણ કહે છે કારણ ચિત્ત દ્વારા તેની ચેતના પ્રકટ થતી હોય છે, તેથી જ તેને ''ચૈત્યપુરુષ'' કહે છે. પુરુષ એટલે વ્યક્તિત્વ ધારણ કરેલ તત્ત્વ (being) વ્યક્તિત્વ ન ધારણ કરેલ હોય તો તેને ફક્ત તત્ત્વ (element) કહે છે. ચૈત્ય એટલે ચેતનસ્વરૂપ (psychic). તે ઊર્મિઓ સ્વરૂપે પોતાને ચિત્તમાં પ્રકટ કરે છે. ઊર્મિ શબ્દ વગરનો ફક્ત એક અનુભવ કે ભાવ હોય છે. જેમ કે કોઈ પ્રત્યે પ્રેમ હોય તો હૃદય કે ચિત્તમાં તેને જોતા જ પ્રથમ ક્ષણે પ્રેમભાવ અથવા પ્રેમની ઊર્મિ જન્મે છે. આ ચૈત્યપુરુષ સતત સભાન હોય છે. પોતે પરમ-ચેતનાનો જ એક અંશ છે એ સ્વરૂપની તે તીવ્ર સભાનતા હોય છે અને તેથી તે પરમ-ચેતના સાથે સતત એકરૂપતા સાધતો હોય છે. આ તેનાં વલણને જ તેનો પ્રભુપ્રેમ અથવા સમર્પણભાવ અથવા ભક્તિભાવ કહે છે. તેની સભાનતાને કારણે હૃદય પ્રકાશપૂર્ણ બનેલું હોય છે. એક આંતરિક પ્રકાશથી પ્રકાશિત હોય છે. તે ચૈત્યપુરુષની અંદર કેન્દ્રમાં એક તેજોમય સ્ફુલિંગ હોય છે. તે પરમ-ચેતનાના હાજરી સ્વરૂપ હોય છે. તેને જ જીવ કહેવામાં આવે છે. તે જીવો પ્રભુનો એક દિવ્ય-સંકલ્પ ધારણ કરી રાખેલ હોય છે. તે સંકલ્પાનુસાર જ જીવમાંથી સતત પ્રેરણાઓનાં આંદોલનો નિર્માણ થતાં હોય છે અને તે જ ચૈત્યપુરુષમાં ઊર્મિ અથવા ભાવ તરીકે પ્રકટ થતાં હોય છે. જીવ ફરતે સ્વરૂપ અથવા વ્યક્તિત્વ રચાએલું હોય છે. તે અને તેની ફરતે રચાએલ સ્વરૂપ મળીને જ ચૈત્યપુરુષ રચાય છે.

**ક્ષર અને અક્ષરપુરુષ**

આ ચૈત્યપુરુષ સતત વિકાસ પામતો હોવાથી તેને ક્ષરપુરુષ કહે છે. ક્ષર એટલે બદલાતો અથવા વિકાસ પામતો પુરુષ. અંદરના જીવાત્માને અક્ષરપુરુષ કહે છે. કારણ તે ફક્ત હાજરી-સ્વરૂપ હોઈને ત્યાં વ્યક્તિત્વ કે સ્વરૂપના વિકાસનો કોઈ સવાલ જ નિર્માણ થતો નથી, તેથી તેને અક્ષરપુરુષ કહે છે. અક્ષર એટલે અવિચળ રહેતો, કાયમી સનાતન યથાવત્ રહેતો પુરુષ.

**ભાગવતભાવ**

ચૈત્યપુરુષ તો સતત ભાગવત્ ભાવમાં રહેતો હોય છે. ભાગવતભાવ એટલે દિવ્યભાવ. પરમ-ચેતનાની હાજરી બાબત તદ્દન સભાન અને એકાગ્ર બનેલ અવસ્થાને જ દિવ્યભાવ અથવા ભાગવતભાવ કહે છે. આધ્યાત્મિક વિકાસમાં આવો ભાગવતભાવ વધતો જાય છે. વધારે ને વધારે સ્થાયી, કાયમી, પ્રખર અને સર્વગ્રાહી બનતો જાય છે. જ્યારે ભાગવતભાવ પૂર્ણરૂપે સ્થાપિત થાય છે ત્યારે તેને ચૈત્યપુરુષની મુક્તિ કહેવાય છે. ચૈત્યપુરુષ મન, પ્રાણ, શરીરની બધી મલિનતાઓ, મર્યાદાઓ, બંધનોથી મુક્ત બને છે અને આ બધા તેના પ્રકાશમય, કહ્યાગરા કરણ બની જાય છે. તેના સીમાવર્તી તત્ત્વો બની તેની સાથે જોડાઈ જાય છે.

આવી પ્રક્રિયાને જ ભાગવત સ્વરૂપની રચના અથવા નિર્માણ કહેવામાં આવે છે. પૂર્ણયોગીના જીવનમાં આ નિર્ણાયક ક્ષણ હોય છે. કારણ આ પછી જ પ્રભુની દિવ્ય-શક્તિઓ તેની મારફત જગતમાં કાર્ય કરવા માંડે છે.

---

(પૃ.૨૮ ઉપરથી) **વિદ્યાર્થીઓને માર્ગદર્શન**

આ શંકા અને અવિશ્વાસને જીતવાનો એક જ માર્ગ છે. આપણા ચૈત્યપુરુષની શ્રદ્ધા અને નિષ્ઠાને તેની સામે ધરી દો. ચૈત્યપુરુષને જાગૃત કરી અગ્રભાગે લાવતા જ આ શંકા અવિશ્વાસનાં બાવાજાળાં સાફ થવા લાગે છે અને શ્રદ્ધા વિશ્વાસ અને નિષ્ઠાનો પ્રકાશ ફેલાવા લાગે છે. મન, પ્રાણ પોતે અશુદ્ધ હોવાથી તેઓમાં આવા શંકા અવિશ્વાસના દૂષણો નિર્માણ થતાં જ હોય છે, ત્યારે આપણા ચૈત્યપુરુષની શ્રદ્ધા અને પ્રભુ પ્રત્યેની નિષ્ઠા જ આપણને બચાવી શકે છે.

આપણું ચિત્ત શુદ્ધ થતાં જ ચૈત્યપુરુષ પોતાની મેળે આગળ આવવા માંડે છે અને માર્ગદર્શન આપવા માંડે છે. ત્યાં સુધી આપણી વિવેકબુદ્ધિથી જ આપણે શંકાકુશંકાઓને નિયંત્રિત કરતા રહેવાનું છે.

જીવનમાં શ્રદ્ધા અને નિષ્ઠાથી જ સ્નેહ, સદ્ભાવ અને સુમેળ રચાય છે અને જ્યાં આ ત્રણ હોય ત્યાં શંકાનું ધુમ્મસ ઓગળવા માંડે છે.

- માનસિંહ ચાવડા

# દેવોના કાર્યનો અંતિમ ઉદ્દેશ

પ્રકરણ - ૫

દેવતાઓનાં ખાસ કાર્યો બાબતની વિગતો જાણ્યા બાદ હવે પ્રશ્ન ઊભો થાય છે કે આ બધાં કાર્યોનો અંતિમ ઉદ્દેશ શું છે ? ઇન્દ્ર દિવ્યશક્તિઓને નીચે ભૌતિક સ્તરે ઠેઠ કોષોની પણ અંદર ઉતારવાની વ્યવસ્થા કરે છે તેનો ઉદ્દેશ શો ? અગ્નિ ચેતનાનું આરોહણ કરાવે છે, વરુણ અવચેતનમાંથી મુક્તિ અપાવે છે. વાયુ અવતરણ અને ઊર્ધ્વગમનમાં શક્તિ પૂરે છે. અર્યમા મન, પ્રાણ, શારીરિકને મુક્તિ અપાવે છે. સોમ આનંદ પ્રગટાવે છે, ઉષા પ્રકાશને પ્રગટ કરે છે, ઇલા તે એક સ્તરે ફેલાવે છે. મહિ આગળ જઈને વિવિધ સ્તરે ફેલાવે છે. સરસ્વતી આંતરપ્રેરણા આપી દિશાસૂચન કરે છે. આ બધાં જ દેવોના કાર્યનો સામૂહિક અને મૂળભૂત ઉદ્દેશ શું ?

તેનો મૂળભૂત ઉદ્દેશ છે પ્રભુને ચેતનાના સર્વ સ્તરે તેના વિવિધ પાસાંઓ રૂપે પૂર્ણરીતે પ્રગટ કરવા. તેથી જ અવચેતન અને અચેતનની જરૂર છે, તેથી જ અવચેતન અને અચેતનને વિવિધતા રચવા પ્રયોજ્યા છે.

ભૌતિક સ્તરે વિવિધતા રચવા અવચેતન અને અચેતનની જરૂર પડી. તે ચેતનાના મૂળ સ્વરૂપને ઢાંકી દે છે, તેથી જડ-પદાર્થ રચાયો. જેમાં ચેતના તદ્દન અવ્યક્ત સ્વરૂપે જ બની ગએલી છે, જેથી વિવિધતા અને આકાર સ્થાયી બને.

પ્રભુ ચેતન-સ્વરૂપ છે, તેથી ચેતનાની સ્થાયીતા પણ ફરી પ્રગટ કરવી છે અને આકારની સ્થાયીતા પણ ટકાવી રાખવી છે. દિવ્ય-ચેતનાને સાકાર રીતે પ્રગટ કરવી છે. આ સંયુક્ત ઉદ્દેશથી ભૌતિક-તત્ત્વના દિવ્યીકરણની પ્રક્રિયા ઋષિઓએ શોધી કાઢી તેને તેઓ આંગિરસી વિદ્યા કહેતા. શ્રી અરવિન્દ આ દિવ્યીકરણની પ્રક્રિયાને જ રૂપાંતરની પ્રક્રિયા કહે છે.

પરંતુ વૈદિક પતનકાળમાં આ દિવ્યીકરણની પ્રક્રિયા પાર્શ્વભૂમિમાં ચાલી ગઈ. કર્મકાંડને મહત્ત્વ અપાયું. તેના વિરુદ્ધ ગૌતમબુદ્ધે વ્યક્તિગત ચેતનાનાં નિર્વાણની કલ્પના આગળ લાવી. આ નિર્વાણને જ ગીતા બ્રહ્મ - નિર્વાણ અવસ્થા અને અક્ષરપુરુષની અવસ્થા કહે છે.

શ્રી આદ્યશંકરાચાર્યે આ નિરાકાર પરમ-ચેતનાના સાક્ષાત્કારને જ વેદાંતનો અંતિમ ઉદ્દેશ ગણાવી બધી સાકારતાને માયામાં ખપાવી દીધી. પણ મૂળ વૈદિક વિચાર અને ગીતા પણ અક્ષરબ્રહ્મથી શ્રેષ્ઠ ઉત્તમપુરુષની સાકાર અવસ્થાને માને છે, જેને પુરુષોત્તમ-ચેતના પણ કહે છે.

ભૌતિક સ્તરે આવી પુરુષોત્તમ-ચેતનાને પ્રગટ કરવી એ જ દેવોના વિવિધ કાર્યોનો અંતિમ ઉદ્દેશ રહેલો છે.

ભારતીય ઈતિહાસના વૈદિકકાળ પછી આ વિચારધારા લુપ્ત થઈ જવાથી રૂપાંતરની પ્રક્રિયાના ઉલ્લેખો તે પછીના આધ્યાત્મિક વાંગ્મયમાં મળતા નથી.

આનો અર્થ એ લેવામાં આવ્યો કે રૂપાંતરની પ્રક્રિયા વૈદિક ઋષિઓને જ્ઞાત જ નહોતી પણ વેદોમાંના સૂક્તોમાં આવતા સંદર્ભો જોતા આ વિચાર ખોટો પુરવાર થાય છે.

૧ મગધનો રાજા રેણુ, તેનો પુત્ર પુરુ અને આંગિરસ વિદ્યાના જાણકાર હિરણ્યસ્તૂપનું આખ્યાન એ સૂચવે છે કે રૂપાંતર માટે કરાતી કોષોની સાધના વેદકાળમાં પ્રચલિત હતી (જુઓ સહજ-સત્સંગ જાન્યુ.૧૨ પ્રકરણ વેદવિજ્ઞાન આખ્યાન રહસ્ય - ૧૪)

૨ વિશ્વામિત્રે ધરતી ઉપર પ્રતિસ્વર્ગ રચવાનો પ્રયત્ન ગાયત્રી મંત્ર દ્વારા કર્યો હતો પણ અયશસ્વી થયાનો ઉલ્લેખ જોવા મળે છે. ભૌતિક સ્તરે સ્વર્ગની રચનાની શક્યતા જોઈને જ આ પ્રયત્ન કરવામાં આવેલો.

૩ કોષોની ચેતનાને કોષિકી દેવી તરીકોનો ઉલ્લેખ દેવી ભાગવતમાં છે.

૪ વેદકાળમાં પાર્થિવતત્ત્વની બે ક્ષમતાઓનો ઉલ્લેખ જોવા મળે છે :

(૧) પરમ-ચેતનાને ધારણ કરી રાખવાની ક્ષમતા. આને જ પુરાણોમાં

નવનિધિ અથવા રિદ્ધિ કહેલ છે.

(૨) પરમ-ચેતનાને પ્રગટ કરવાની ક્ષમતા . આને સિદ્ધિ કહેલ છે.

ગણપતિનું પ્રતીક એ પાર્થિવ ચેતનાનું પ્રતીક છે. હાલમાં તેનું બાહ્યસ્વરૂપ વિકૃત છે, તેથી ગણપતિને 'વક્રતુંડ' કહેલ છે. પણ આંતરિક રીતે તે પ્રકાશમય-ચેતના જ છે. તેથી તેને 'સૂર્યકોટિસમપ્રભ' કહેલ છે. પાર્થિવતત્ત્વ વિશ્વવ્યાપી તત્ત્વ હોવાથી તેને 'મહાકાય' કહેલ છે.

જીવનમાં નિર્માણ થતાં દુઃખો, યાતનાઓ આ વિકૃતિને આભારી છે જો દિવ્ય-પાર્થિવ-ચેતનાને પ્રગટ કરતા આવે તો આ બધી વિકૃતિઓ નષ્ટ થાય છે અને જીવન 'નિર્વિઘ્ન' બને છે એમ પણ આ મંત્ર કહે છે (વક્રતુંડ મહાકાય..... સર્વદા) પરમ-ચેતના નિર્વિઘ્નરૂપે પ્રગટ થાય છે. તેને જ રિદ્ધિસિદ્ધ કહેવાથી તેમને ગણપતિની પત્નીઓ તરીકે વર્ણવેલ છે. શાસ્ત્રોમાં રિદ્ધિ અને સિદ્ધિ બન્નેનો વિચાર વિસ્તારથી કરેલો છે :

૧ રિદ્ધિ (નવનિધિ) - નિધિ એટલે સંગ્રહસ્થાન. પાર્થિવ તત્ત્વ નવ પ્રકારે પરમ-ચેતનાને સંગ્રહે છે તેને જ નવનિધિ કહે છે. પદ્મ, મહાપદ્મ, શંખ, ચક્ર, કચ્છપ, મુકુંદ, કંદ, નીલ અને નર્વ આ નવનિધિનાં નામ છે. તેમના અર્થ નીચે મુજબનાં છે :

(૧) **પદ્મ** - ભૌતિક તત્ત્વનું ચેતનાના અવતરણને લીધે ખીલવું.

(૨) **મહાપદ્મ** - ભૌતિક તત્ત્વમાં વિશ્વ-ચેતનાનું ખીલવુ.

(૩) **શંખ** - અનાહત નાદને પ્રગટ કરવો. અનાહત નાદ પ્રભુના સંકલ્પનાં આંદોલનોને ગ્રહણ કરવાથી સંભળાય છે.

(૪) **ચક્ર** - વિવિધ ચેતનાનાં સ્તરોને પાર્થિવ તત્ત્વે સુસંગત રીતે ધારણ કરવાં.

(૫) **કચ્છપ** - પરમ - ચેતનાના દબાણને સમર્થ રીતે ઝીલવાની પાર્થિવ તત્ત્વે ક્ષમતા કેળવવી.

(૬) **મુકુંદ** - કોષોમાં પ્રકાશને ધારણ કરી રાખવાથી અવચેતનના

શાસનનો અંત લાવવો. દિવ્ય-સંચાલનની શરૂઆત કરવી.

(૭) **કંદ** - તે સંચાલનને કોષોમાં કાયમી સ્વરૂપે ધારણ કરી રાખવું

(૮) **નીલ** - તે સંચાલનથી શાંતિ, વિશાળતા જેવી ભૌતિક કોષોનું સર્વાંગપૂર્ણ દિવ્ય-રૂપાંતર સિદ્ધ કરવું

અમુક શાસ્ત્રો સપ્ત ધાતુ, પ્રાણ અને મન; આ નવ તત્ત્વો પરમ-ચેતનાને ધારણ કરતા થાય તેને નવનિધિ કહે છે.

**અષ્ટસિદ્ધિ** - અણિમા - મહિમા, લઘિમા-ગરિમા, ઈશિત્વ-વશિત્વ, પ્રાપ્તિ-પ્રાકામ્ય; આમ આઠ સિદ્ધિ છે તેમના અર્થ નીચે મુજબ છે :

૧ **અણિમા** - શરીરને અણુ જેટલું નાનું કરવું.

૨ **મહિમા** - શરીરને વિશ્વ જેટલું વિશાળ કરવું.

૩ **લઘિમા** - શરીરનું વજન ઘટાડી નાખવું.

૪ **ગરિમા** - શરીરનું વજન વધારવું

૫ **ઈશિત્વ** - સંકલ્પ બળથી કોઇ નિર્જીવ વસ્તુને સંચાલિત કરવી.

૬ **વશિત્વ** - સજીવ પ્રાણીને પોતાના સંકલ્પાનુસાર વર્તવા ભાગ પાડવું.

૭ **પ્રાપ્તિ** - ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવાની ક્ષમતા.

૮ **પ્રાકામ્ય** - શારીરિક રૂપ સ્વેચ્છાનુસાર ધારણ કરવું.

સિદ્ધિનો અર્થ છે પાર્થિવતત્ત્વે ધારણ કરેલી પરમ-ચેતનાને શુદ્ધ સ્વરૂપે, સાચી રીતે પ્રગટ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરવી. સારાંશ, રિદ્ધિ અને સિદ્ધિની શક્યતા રૂપાંતરની પ્રક્રિયા વગર શક્ય ન હોવાથી વેદકાળમાં રૂપાંતરની શક્યતા સર્વમાન્ય હતી.

રિદ્ધિ અને સિદ્ધિ દ્વારા પરમ-ચેતનાને પાર્થિવ સ્તરે પૂર્ણ રીતે પ્રગટ કરવી એ જ દેવોના કાર્યનો મૂળભૂત ઉદ્દેશ છે. આ ઉદ્દેશ ઉત્ક્રાંતિ દ્વારા તબક્કાવાર એકથી એક શ્રેષ્ઠ યોનિ નિર્માણ કરીને સિદ્ધ કરવામાં આવશે.

# : મંત્ર :

- હર્ષદ ઠકરાર

પ્રત્યેક  ધર્મમાં સૌ પ્રથમ દીક્ષા મંત્રદીક્ષા હોય છે. મંત્રદીક્ષા શા માટે આપવામાં આવે છે ? તે માટે આપણે મંત્ર એટલે શું ? તે સમજવા સહચિંતન સહમનન કરશું.

મંત્ર એ મનોભાવ, વિચારભાવ કે બુદ્ધિગમ્ય શબ્દો નથી. મંત્રો એ દિવ્ય ચેતનાએ ધારણ કરેલ શબ્દદેહ છે. પ્રત્યેક મંત્ર દેવ કે દેવીનો હોય છે. તે મંત્રની અંદર તે દેવ કે દેવીને પ્રગટ કરવાની શક્તિ રહેલી હોય છે. દેવ કે દેવીની આ દિવ્ય-શક્તિ સ્વયં માનવની પાર્થિવ, પ્રાણમય અને મનોમય ચેતના દ્વારા અભિવ્યક્ત થાય છે. એટલે કે મંત્રો દ્વારા માનવની પાર્થિવ, પ્રાણમય અને મનોમય ચેતના દિવ્ય-ચેતનામાં પ્રવેશ પામે છે. આ રીતે મંત્રોની ઉપાસના દ્વારા માનવ પોતાના આરાધ્ય દેવની શક્તિને અભિવ્યક્ત કરે છે.

મંત્ર માનવ અને તેના આરાધ્યદેવ-દેવી વચ્ચે કોઈ પણ અદિવ્ય-શક્તિને પ્રવેશ કરવા મંજૂરી આપતો નથી. એટલે કે મંત્ર દ્વારા માનવ સીધેસીધો તેના આરાધ્યદેવ-દેવી સુધી પહોંચી જાય છે. આરાધ્યદેવ સુધી પહોંચવાનો આધાર માનવ કયા ભાવથી મંત્રનું રટણ કરે છે તેના ઉપર રહે છે. જો માનવ યંત્રવત્ પોપટની જેમ રટણ કરતો હોય તો માનવને તેના આરાધ્યદેવ-દેવીની પ્રાપ્તિ થતી નથી. પરંતુ માનવ જો તુલસીદાસની જેમ હૃદયમાંથી અભીપ્સા પ્રજ્જવલિત કરી મંત્રનું રટણ કરે તો માનવને તેના આરાધ્યદેવ-દેવીનો સાક્ષાત્કાર થઈ શકે છે.

મંત્ર હૃદયમાંથી ક્યારે ઉત્પન્ન થાય ? આ માટે માનવે સતત અભીપ્સા સાથે મંત્રનું ઉચ્ચારણ - રટણ એટલે કે મંત્ર જાપ કરવાનો હોય છે. મંત્ર જાપના સતત રટણથી દિવ્યતા આપોઆપ શબ્દદેહે અભિવ્યક્ત થાય છે. દા.ત. આપણને 'ૐ' પ્રણવનાદ જગતના સર્જનની અનુભૂતિ આપે છે.

ૐ - પ્રણવનાદને સૃષ્ટિના સર્જનનો મંત્ર માનવામાં આવે છે. આ દૃષ્ટિએ

મંત્રમાં સર્જનશક્તિ રહેલી છે. મંત્ર એ માનવને તેની પાર્થિવ ચેતનામાંથી દિવ્ય-ચેતનામાં રૂપાંતરિત કરી આપે છે કારણ કે શબ્દો એ પાર્થિવતા અભિવ્યક્ત કરે છે, જ્યારે મંત્ર દિવ્યતાને અભિવ્યક્ત કરે છે.

આ જ કારણે કોઈપણ ધર્મમાં પ્રવેશ દીક્ષામંત્ર દ્વારા થાય છે. મંત્રદીક્ષામાં આપણે દીક્ષાનો પણ અર્થ સમજવા સહચિંતન કરશું. સંસ્કૃતમાં દીક્ષા શબ્દનો અર્થ આરંભ કરવાની પ્રતિજ્ઞા લેવી એવો થાય છે.

માનવે શું આરંભ કરવાનો છે ? માનવે માનવમાંથી દિવ્ય બનવાનો આરંભ કરવાનો છે. માનવમાંથી દિવ્ય બનવાનો આરંભ કરવા માટે માનવે પોતાના આરાધ્યદેવની ઉપાસના માટે જે તે આરાધ્યદેવના મંત્રનો જાપ કરવાનો હોય છે. જે દ્વારા માનવ પોતાની અંદર સુષુપ્ત રહેલ દિવ્યતાને પ્રગટ કરે છે, જે રીતે 'ૐ' દ્વારા સૃષ્ટિનું સર્જન થયું તે રીતે.

મંત્રદીક્ષા એ આધ્યાત્મિક દીક્ષા છે. મંત્રદીક્ષા માનવને કોઈ માનમોભાના પ્રતીક તરીકે લેવાતી હોતી નથી. પરંતુ મંત્રદીક્ષા દ્વારા ફક્ત પોતાના આરાધ્ય દેવની ઉપાસના દ્વારા તેનો સાક્ષાત્કાર કરવાનો છે તે ધ્યેય માનવે રાખવાનું છે. એટલે કે મંત્રદીક્ષા માનવના જીવનની ખૂબ જ મહત્વપૂર્ણ ઘટના છે. કારણકે મંત્ર દીક્ષામંત્રમાં રહેલા આરાધ્યદેવની શક્તિને પ્રગટ કરે છે.

મંત્રમાં કઈ શક્તિ રહેલી છે ? આ અંગે સહચિંતન સહમનન કરતા સમજાય છે કે મંત્ર દ્વારા માનવ અને તેના આરાધ્યદેવ વચ્ચે એક જીવંત સંબંધ સ્થપાય જાય છે. જે દ્વારા માનવ પોતાના આરાધ્યદેવની શક્તિ અભિવ્યક્ત કરે છે. આમ, માનવે ક્યારેય પણ મંત્રનો શંકાથી પ્રયોગ કે કસોટી કરવી ન જોઈએ. કારણ કે મંત્રો માનવના જીવનમાં ખૂબ જ ઉપયોગી છે, જે દ્વારા માનવ સત્યનિષ્ઠાપૂર્વક ઇશ્વરનો સાક્ષાત્કાર જીવંત કરતો હોય છે. મંત્રોની કસોટી એટલે જેની ઉપાસના કરીએ છીએ તે આરાધ્યદેવની પ્રત્યે અશ્રદ્ધા. માનવે આરાધ્યદેવનો સાક્ષાત્કાર કરવો હોય તો ક્યારેય પણ મંત્રોની કસોટી કરવી જોઈએ નહીં.

મંત્રો, દિવ્યતાનું પ્રતીકાત્મક પ્રતિનિધિત્વ કરે છે. મંત્ર એટલે ગાયત્રી મંત્ર, હનુમાન ચાલીસા વગેરે નહીં, પરંતુ કોઈ પણ આરાધ્યદેવનું સતત નામ સ્મરણ પણ મંત્ર બની જાય છે.

આ જ વાત સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે : ''એક નિયમ તરીકે આ સાધનામાં ફક્ત શ્રી માતાજી કે મારા નામનો મંત્ર તરીકે ઉપયોગ કરવામાં આવે છે.''

આપણે સૌ માનીએ છીએ કે શ્રી ચંપકલાલ હંમેશા કહેતા, ''ભૂલો ભૂલો તમારા અન્યાયને, ઈચ્છો સર્વેના કલ્યાણને. બસ, મા મા કરતા રહો.''

આશ્રમમાં અનેક સાધકો એવા છે કે જેમણે ફક્ત શ્રી માતાજી અથવા શ્રી અરવિન્દના નામસ્મરણ દ્વારા જ સાધના કરી છે અને તેના દ્વારા શ્રી માતાજી અને શ્રી અરવિન્દની શક્તિ પ્રાપ્ત કરે છે. જે રીતે વાલીયો લૂટારો રામ રામ નામ રટવા દ્વારા વાલ્મિકી ઋષિ બની ગયા.

મંત્રો, દિવ્યતાનું પ્રતીકાત્મક પ્રતિનિધિત્વ કરે છે. એ ઈશ્વરનું શબ્દોમાં અભિવ્યક્ત સ્વરૂપ છે. ભક્તોના એવા અનેક ઉદાહરણ મળી આવે છે કે જેમાં ઝળહળતા રેખામય સ્વરૂપમાં રહસ્યમય રીતે ઈશ્વરનો અનુભવ કરી રહ્યા હોય. અલબત્ત, આ એક રહસ્યમય અનુભવોથી ભરચક્ક છે. તર્કોની પેલી પારના આવા અનુભવોને માનવ હંમેશા બુદ્ધિગમ્ય રીતે ન્યાય આપી શકતો નથી. દુનિયાના દીક્ષા ન પામેલા લોકોને માનવ સમજાવી શકતો નથી કે આ અનુભવ સાચા છે.


માનવનું મન માખી જેવું છે માખી મિષ્ટાન્ન ઉપર બેસે છે, ફૂલ ઉપર પણ બેસે છે તેમ જ ઉકરડા ઉપર પણ બેસે છે. તે રીતે માનવમન એક ક્ષણ દિવ્ય-વિચારો કરે છે અને બીજી જ ક્ષણે સ્થૂળ દુન્યવી વિચારોમાં પરોવાઈ જાય છે. તો પછીની ક્ષણે કામવાસનાના વિચારોમાં પરોવાઈ જાય છે.

મંત્ર દ્વારા માનવમન મધમાખી જેવું રૂપાંતરિત થાય છે અને પુષ્પમાં રહેલ મધને જ પ્રાપ્ત કરે છે. તે રીતે માનવમન મંત્ર દ્વારા ફક્ત પ્રભુને જુએ છે અને પ્રભુની શક્તિ પ્રાપ્ત કરવા એકાગ્ર થાય છે.

આ એકાગ્રતા પ્રાપ્ત કરવા માટે માનવને માટે પ્રભુ ભૌતિક પ્રતિમા અથવા પ્રભુના કોઈ શબ્દ કે પ્રતીક દ્વારા અભિવ્યક્ત થતો હોય છે પણ તેવો આધાર જરૂરી છે. મંત્ર દ્વારા માનવ ઈશ્વરના સાક્ષાત્કારનું સત્ય પામી શકે છે.

આવો, આપણે સૌ શ્રી માતાજી અને મહાપ્રભુ શ્રી અરવિન્દના નામસ્મરણ દ્વારા તેમની દિવ્ય ચેતનાનું સત્ય પામીએ એ જ અભ્યર્થના.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....



# શ્રી અરવિંદ

Mortality bears all the eternal's touch;
It fears the pure divine intolerance;
Of that assault of ether and of fire;
It murmurs at sorrowless happiness;
Almost with hate repeats the light it brings;
It trembles at the naked power of Truth;
And the might and sweetness of its absolute Voice.

Savitri B-1, C-4, P-66

## મર્ત્યતાની નબળાઈ

ભાવાનુવાદ

મર્ત્યતા સહે સ્પર્શને, સનાતન પરમ તત્ત્વનો,
ડરતી રહે દિવ્ય આગ્રહ થકી, ચિદાકાશ ને અગ્નિનો,
શુદ્ધ આનંદ પ્રતિ, તે અસંતોષ વ્યક્ત કરતી હતી,
ને પેલા પ્રકાશને, તિરસ્કારથી નવાજતી,
જોઈ શક્તિ સત્યની, તે ભયભીત બની ધ્રુજતી,
સર્વોચ્ચ આજ્ઞાની મધુરતા, ને ક્ષમતાને રહે અવગણી.



# કેદારનાથમ્

(ઉત્તરખંડ હિમાલય ઉત્તરપ્રદેશ)

નર વ્યક્તિરૂપ ને, નારાયણ વિશ્વરૂપ,
એવી ચેતના બે સ્તરે, સાધક ગણે અનુરૂપ.
નર-નારાયણ જુદાં નહિ, નર નારાયણનો અંશ,
બન્ને વચ્ચે વિનિમય સદા, એવું જણાવે ભગવંત.
બન્નેની સ્થિતિ પૂરક બને, અથવા બાધારૂપ,
એકનું પતન બીજાને ગ્રસે, વિકાસમાર્ગે એ સત્ય.
એકનો વિકાસ બીજાને સદા, બને મદદરૂપ સહાય,
એ પણ ઉત્ક્રાંતિનો સ્વભાવ ગણ્યો, ને અનુભવે પણ વર્તાય.
ચેતના વિકાસ મહત્ત્વનો, અન્યને ગૌણ છે સ્થાન,
તે દર્શાવવા કહી, ઉર્વશીની કથા એમ જાણ.
બ્રહ્મા ઉત્ક્રાંતિનું સંચાલન કરે, નર-નારાયણ મદદે જાય,
તેથી તે બ્રહ્મા-પુત્રો ગણ્યા, પુરાણોની પરંપરાની મ્હાંય.
કેદારનાથની સાધના, વ્યક્તિ વિશ્વનો મેળ,
કારણ તે જુદાં નહિ, એમ વિચારે વેદ.
વિશ્વ ને વ્યક્તિમાં બધે, પરમ-ચેતનાનું ભાન,
પ્રકાશ અસીમતાને વરે, એ કેદારનાથનું ધ્યાન.
તેથી સરૂપ-અરૂપ પણ, ને સગુણ-નિર્ગુણ પણ એ જ,
તેથી તેને અનિવર્ચનીય ગણે, વેદ પુરાણો બેય.
તે સક્રિય-નિષ્ક્રિય પણ રહે, સક્રિયતાનાં સ્વરૂપ ત્રણ,
મહાકાળી, મહાલક્ષ્મી અને ત્રીજી સરસ્વતી ગણ.
મહાકાળી સંરક્ષણ કરે, મહાલક્ષ્મી પોષણ દાતાર,
મહાસરસ્વતી રચના કરે, ઉત્ક્રાંતિના તારણહાર.
આ ત્રણ ક્ષમતા વિકસાવીને, કરે પ્રભુનું કામ,
એ હેતુ નર-નારાયણનો રહે, એમ સુજાણ તું જાણ.


**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫
**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**